
આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૧૨
સળંગ અંક : ૧૦૨૪
માર્ચ-૨૦૨૬




પઠાણ તેહસીન (જે. એન. બાલિકા વિદ્યાલય)

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ ''વિનિત વિદાય'' તારીખ ૫-૬-૭ના રોજ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમદાવાદ શહેરના ડીઈઓ શ્રી રોહિતભાઈ ચૌધરી, પૂર્વ વિદ્યાર્થી જસ્ટિસ રવિકુમાર ત્રિપાઠી, ગણેશભાઈ ચૌહાણ તેમજ હિરાભાઈ છોડવાડીયા અને અસારવા વિદ્યાલયના પૂર્વ આચાર્ય શ્રી કેશુભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## જે. એન. બાલિકા વિદ્યાલય










## શેઠ અ. હ. સરસ્વતિ વિદ્યાલય







# ઘરશાળા

વર્ષ : ૮૫ માર્ચ ૨૦૨૬ અંક : ૧૨ સળંગ અંક : ૧૦૨૪

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | **સંપાદકીય** | |
| | જ્યોતીન્દ્રભાઈ દવે | ૫ |
| ૨ | **માણ્યું મેં તો બંધન વિનાનું બંધન !** | |
| | ઈશ્વર પરમાર | ૭ |
| ૩ | **ગાંધી વિચારને ..... વૈશ્વિક સ્થાન** | |
| | શ્રી શ્યામજી દેસાઈ | ૧૩ |
| ૪ | **ગોમટેશ્વરનાં દર્શન** | |
| | કાકાસાહેબ કાલેલકર | ૧૬ |
| ૫ | **શ્રીમાન જીમ કૉર્બેટનું ભારત - પ્રકરણ-૪** | |
| | રાજેન્દ્ર દવે | ૨૧ |
| ૬ | **અલગારી નટસમ્રાટ જશવંત ઠાકર** | |
| | અમિતાબેન પાલખીવાલા | ૨૮ |
| ૭ | **અંગ્રેજી ભાષાનો અતિરેક** | |
| | પ્રવીણ કે. લહેરી | ૩૩ |
| ૮ | **પરીક્ષાના પડઘમ વાગી રહ્યા છે.** | |
| | વસંત દવે | ૩૫ |
| ૯ | **બાળક અને પ્રેમ** | |
| | ગોવિંદ દરજી 'દેવાંશું' | ૩૮ |
| ૧૦ | **શિક્ષણ સમાચાર** | |
| | અશોક સોમપુરા | ૩૯ |
| ૧૧ | **સંસ્થા સમાચાર** | |
| | ઈરા નાયક ઘોષ | ૪૨ |

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી

રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે

સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ

ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા


**ઘરશાળા કાર્યાલય સરનામું**

**સરસ્વતી વિદ્યામંડળ**

**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**

**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**

**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


email : gharshala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication


**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

**ઓનલાઇન માધ્યમથી લવાજમ મોકલવા માટે :**

**બેંકનું નામ :** બેંક ઑફ બરોડા

**ખાતા નંબર :** ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭

**ખાતાનું નામ :** ઘરશાળા માસિક

**આઈ.એફ.એસ.સી. કોડ : BARB0SARASP.** (Fifth character is zero)

# સંપાદકીય



- જ્યોતીન્દ્રભાઈ દવે

## વિદ્યાર્થીઓમાં હિંસા

છેલ્લા બે-ત્રણ મહિનાઓથી ગુજરાતની શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા થતી હિંસા, મારામારી અને જૂથ અથડામણો એ આપણા સૌ માટે ચિંતાનો વિષય છે. શાળાઓમાં અને શાળા બહાર જે બનાવો બન્યા છે તે શિક્ષણજગત માટે ભયસૂચક સિગ્નલ છે. અમારા મતે આ પ્રશ્નમાં ઊંડાણથી વિચાર કરવાની જરૂર છે. માત્ર સરકારની માર્ગદર્શિકા અથવા દંડાત્મક કાર્યવાહી આ પ્રશ્નનો ઉકેલ નથી.

બાળકો અંતે તો આસપાસના વાતાવરણમાંથી બધું ગ્રહણ કરે છે. વિદ્યાર્થીઓ શાળામાં છ કે સાત કલાક રહે છે. બાકીના કલાકો કુટુંબ સાથે અથવા તો શેરી, પોળ કે જે તે વિસ્તારમાં રહે છે, ત્યાં ગાળે છે. આ વાતાવરણની અસર બાળક ઉપર જાણે-અજાણે પડે છે. શહેરીકરણ અને ઔદ્યોગિકરણને કારણે સમાજ અને કુટુંબો અનેક પ્રકારની સમસ્યાઓ અને સંઘર્ષ વચ્ચે જીવે છે. સમાજ/કુટુંબમાં ભાવાનાત્મક એકતાનો અભાવ જોવા મળે છે. પરિણામે બાળકો/વિદ્યાર્થીઓને હૂંફ અને પ્રેમ મળતો નથી. વાલીઓની મનોદશા એવી છે કે બાળકને શાળામાં દાખલ કરવો, ફી ભરવી, ટ્યુશન ક્લાસમાં મોકલવો અને ટ્યુશન ફી ભરવી એ તેમની જવાબદારી પૂરી થઈ તેમ માને છે. એક કેળવણીકારે વાલીઓની માનસિકતા માટે ખૂબ સરસ ઉદાહરણ આપ્યું છે.

''આપણે એક ફર્નિચર બનાવવું છે. ફર્નિચર કેવું કરવું છે? તેની જરૂરિયાત અને ઉપયોગિતા શું છે? તેમજ ઘર સુશોભન માટે એ કેટલું જરૂરી છે. આવી સમજ વગર એક લાકડું, ફર્નિચર બનાવનારી ફેક્ટરીમાં નાંખીને આવતા રહીએ છીએ.'' - આવું જ કંઈક બાળકના શિક્ષણ અંગે છે.

બાળ ઉછેર તરફની ઉદાસીનતાના પરિણામે બાળકના મનોજગતમાં શું છે? તે જાણવાની અને સમજવાની આપણે પ્રામાણિક કોશિશ કરતા નથી. બાળકની લાગણીઓ, કલ્પનાઓ, સંવેદનાને સમજતા નથી. તેને કારણે બાળક હિંસક, તોફાની અને સંવેદનહીન બને છે. શાળામાં અને શાળા બહાર જે દૃશ્યો આપણને જોવા મળે છે, તે સમગ્ર સમાજની પરિસ્થિતિનું પ્રતિબિંબ છે.

ઉપરોક્ત પરિસ્થિતિ માટે આપણી શિક્ષણ વ્યવસ્થા પણ જવાબદાર છે. શાળા જીવનની

અસર બાળકના મન ઉપર કાયમ રહે છે તે નિર્વિવાદ બાબત છે. પાછલા વર્ષોમાં શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તનો આવ્યા છે. શિક્ષણ હવે સેવાનો ઉમદા વ્યવસાય રહ્યો નથી. શિક્ષણ હવે એક વાણિજ્ય પ્રવૃત્તિ બની છે. નફો/નુકસાન અને હિસાબી માપદંડોને કેન્દ્રમાં રાખી શિક્ષણ વ્યવસ્થા ગોઠવાય છે. પરિણામે મસ્તિષ્કની કેળવણી મોખરે રહી છે. હૃદયની કેળવણી, સંવેદના અને મૂલ્યોની કેળવણી રોજ-બરોજના શિક્ષણમાંથી લુપ્ત થતી જાય છે. શિક્ષણના વ્યાપારીકરણને નિયંત્રણમાં લાવવા માટે સરકારની દખલગીરી વધી છે. નિયમો, કાયદાઓ અને નિયંત્રણોએ શાળાના મૂળ સ્વરૂપને કદરૂપું કર્યું છે. શાળાઓએ સ્વતંત્રતા ગુમાવી છે. એક નિયંત્રિત અને કુંઠિત વાતાવરણમાં બાળકોને શિક્ષણ મળે તેવી વ્યવસ્થા સમાજે જાણે-અજાણે સ્વીકારી છે. વાલી અને શિક્ષણ સંસ્થા વચ્ચે ગ્રાહક અને વેપારીના સંબંધો રચાયા છે. બાળકના સર્વાંગી વિકાસની દૃષ્ટિ સમાજે ગુમાવી છે.

વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષકની ભૂમિકામાં પણ પરિવર્તનો આવ્યા છે. શિક્ષક હવે નોકરિયાત બન્યો છે. અભ્યાસક્રમ, પરીક્ષા અને સરકારી પરિપત્રો એ શિક્ષકના વ્યવસાયમાં કેન્દ્ર સ્થાને રહ્યા છે. ગુરુ-શિષ્ય પરંપરા એ શિક્ષણમાં રહી નથી. શિક્ષણમાં માર્ક્સ અને ટકાનું મહત્ત્વ વધ્યું છે. સંવેદના અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ અંગેની પ્રવૃત્તિઓ શિક્ષણ સંસ્થામાં ઓછી થતી જાય છે. સંગીત, કલા, સાહિત્ય વગેરે પ્રવૃત્તિઓ શાળાજીવનમાં કર્મકાંડ બનતી જાય છે. તેના કારણે જ વિદ્યાર્થીઓમાં રહેલી રચનાત્મક વૃત્તિઓ ખંડનાત્મક બનતી જાય છે. સારા-નરસાની સમજ ઘટતી જાય છે. સમાધાન વૃત્તિને બદલે પ્રતિશોધ વધ્યા છે. અશાંત ચિત્તવૃત્તિ હિંસામાં પરિણમે તે સ્વાભાવિક છે.

ઉપરોક્ત બધા જ કારણોનો વ્યાપ વધ્યો છે. સમગ્ર સમાજ અશાંત બન્યો છે અને તેની ઊંડી અસર બાળકો ઉપર પડે છે. સમસ્યાનો ઉપાય હાથવગો નથી. શિક્ષણ વ્યવસ્થા અને સમાજની માનસિકતામાં બદલાવ આવશે તો જ આ પરિસ્થિતિમાં સુધારો આવશે. દરમિયાન આપણે નીચેની પ્રાર્થના સાથે વિરમીએ.

‘હમ સાથ ખાયે, સાથ ખેલે, સાથ હી બેઠા કરે
હમ સાથ પઢલે, સાથ બઢલે,
સબ જગ સહયોગ દે.
હર સાથ હો ઔસા હમારા
હો કિસીકા કલેશ ના
હર યત્ન હો ઐસા હમારા
હો કિસેસે દ્વેષ ના’

# માણ્યું મેં તો બંધન વિનાનું બંધન !

- ઈશ્વર પરમાર

એક બાલઅધ્યાપન-મંદિરના વર્ગમાં ઈતિહાસનો તાસ ચાલતો હતો. શિક્ષિકા મુઘલ-સમયનો જાણે આંખેદેખ્યો અહેવાલ આપતાં હોય તેટલાં અધિકાર અને આત્મવિશ્વાસથી પોતાની વાક્ધારા વહાવી રહ્યાં હતાં. સૌ તેમાં તલ્લીન હતાં. તાસ પૂરો થવામાં હતો, તેવામાં-

''બહેન, હું વર્ગમાં આવું?''

''કેટલા વાગ્યા છે તે ખબર છે? અહીં ક્યારે આવવાનું હોય છે તે યાદ તો છે ને? બેસો, આજે ભલે. હવે મોડા આવશો તે નહીં ચલાવી લઉં.''

પ્રૌઢ તાલીમાર્થી બહેન નીચી આંખે નિરુત્તર રહી. પછી છેલ્લી પાટલી પર બેસીને નોટબુકમાંથી પાનું ફાડ્યું ને તે પર ચિઠ્ઠી લખી. તરત શિક્ષિકાને આપી. બહેને વાંચવા માંડ્યું, ''પૂજ્ય બહેન, પેટ ભરાય તેટલું અનાજ ત્રણ દિવસથી ઘરમાં ન હતું. મારો દસ વરસનો બાબો ભૂખ્યો સૂતો પડ્યો હતો. રેશનની દુકાને ત્રણ દિવસથી ધક્કા થતા હતા. આજે સવારે રેશન મળ્યું, અનાજ સાફ કર્યું, દળાવ્યું, બાબાને જમાડ્યો. આથી મોડું થયું છે. માફ કરશો.''

ચિઠ્ઠી વાંચીને શિક્ષિકા કમકમી ઊઠ્યાં. તાસ પૂરો થયો તેથી વર્ગ છોડવાની તક મળી ગઈ - એમની આંખો તગતગી રહી હતી.

રિસેસમાં તેને એકાંતમાં બોલાવીને જાણ્યું કે તે લાચાર ત્યક્તા હતી અને બાબાને તાકીને જીવતી હતી. નોકરીના સહારે એને ઉછેરવાના તેને અરમાન હતા. શિક્ષિકાએ તેને ખભે હાથ મૂકીને કહ્યું, ''આજે અહીંથી છૂટ્યા પછી મારે ઘેર આવજો. થોડું અનાજ લેતાં જજો. તમને વાંધો ન હોય તો દર મહિને મારી પાસેથી ઘઉં-ચોખા લઈ જજો. સંકોચ ન રાખશો, હિંમત ન હારશો. તાલીમ ન છોડશો. તે લીધા વિના નોકરી ક્યાંથી મળશે? આવજો હં...''

તે સાંજે શિક્ષિકાને ઘરે ઘઈ. થેલીમાં અનાજ ભર્યું. તે ઊંચકતાં પહેલાં શિક્ષિકાને વળગી પડી અને ખૂબ રડી. થેલીમાં અનાજ અને હૈયામાં હિંમત લઈને તે ઘેર ગઈ. આવા ટેકાના આધારે તેણે તાલીમ પૂરી કરી અને સ્વમાનભેર નોકરી કરવા માંડી. તક મળે ત્યારે શિક્ષિકાને મળે અને વંદન કરે.

આવાં અનેક બહેનો અને બાલિકાઓના વંદનને પાત્ર થનાર શિક્ષિકા તે સુશીલાબહેન પ્રા. વૈદ્ય. બાલઅધ્યાપનમંદિર તે રાજકોટના વલ્લભ કન્યા કેળવણી મંડળના વિશાળ શિક્ષણ-સંકુલની એક શાખા.

સુશીલાબહેનનો જન્મ ૧૫મી એપ્રિલ, ૧૯૨૦માં પાદરા (વડોદરા) મુકામે થયો હતો. પિતાજી પ્રાણજીવનભાઈ તત્કાલીન વડોદરા રાજ્યમાં દાક્તર તરીકે સેવા આપતા હતા. માતા નવલબહેનના સ્વચ્છતા, સંગીત અને

સેવા-ભાવના સંસ્કાર સુશીલાબહેને ઝીલ્યા. શિશુ વયમાં તેમનું સંગીત-રિયાઝનું સાતત્ય પરિવારના મગજને ફેરવી દે તેટલું જોરુકું હતું!

કિશોર-વયે એકવાર એમની પીઠે માતાની ધોલ આવી પડી. પાણી પીવાનો પ્યાલો મોઢે મંડાય તે પહેલાં નીચે આવી પડ્યો. માએ કહ્યું : ''પ્યાલો સીધો માટલામાં બોળાય?''

''પણ પ્યાલો તો ચોખ્ખો હતો, મા...''

''તેની ખબર છે મને; પણ આ ડોયો માટલા પાસે શા માટે રાખ્યો છે? યાદ રાખ - એકવાર ભૂલ થાય તે ચેતીએ નહીં તો ફરી ફરી તે ભૂલ થઈ જ જાય.''

પરિવારમાં પાંચ ભાંડુઓમાં સૌથી નાનાં સુશીલાબહેન, ત્રણ ભાઈ ને બે બહેન. મોટા બહેન તે શિક્ષણક્ષેત્રે સુસન્માનિત સુમતિબહેન વૈદ્ય. તેઓ સુશીલાબહેનનાં મોટાં બહેન જ નહીં, માતાનું સુખ આપનાર મિત્ર, ફિલસૂફ અને માર્ગદર્શક પણ ખરાં.

સુશીલાબહેને પ્રાથમિક શિક્ષણ ડભોઈમાં અને માધ્યમિક શિક્ષણ વડોદરામાં મેળવ્યું. પિતાજીની રાજ્યમાં વારંવાર બદલી થયા કરતી એટલે તેમને મોટાં બહેન સુમતિબહેનની સાથે સરકારી કન્યા છાત્રાલયમાં દાખલ કર્યાં.

છાત્રાલયમાં સંગીતપ્રેમી સહિયર માલવિકાની સંગતમાં ઘણાં ગીતો શીખવાનાં અને ગીતપોથીમાં સંઘરવા મળ્યાં. ક્યારેક કોઈ ગીત રચાઈ પણ જતું. મૅટ્રિકમાં પણ એક વિષય તરીકે સંગીત લીધેલ હતું. તેની પ્રાયોગિક પરીક્ષા લેવા અમદાવાદથી આવેલા પ્રો. અત્રેએ સુશીલાબહેનના મધુર અને કેળવાયેલા કંઠની ખૂબ પ્રશંસા કરી.

મૅટ્રિક પાસ થયા પછી (૧૯૩૯) અમદાવાદ મુકામે કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો. અહીં વિષય-પસંદગી અંગે એમને ઠીકઠીક દ્વિધા થઈ : મુખ્ય વિષય તરીકે સંગીત રાખવું કે સાહિત્ય? બંને વિષય ખૂબ ગમતા હતા. છેવટે સાહિત્યની પસંદગી કરી. આથી સંગીત-શિક્ષક અત્રેસાહેબ તો છેડાઈ પડ્યા. ''કેમ સંગીતના પિરિયડમાં આવતાં નથી?''

''સાહેબ, મેં સાહિત્ય સાથે સ્નાતક થવાનું પંસદ કર્યું છે.''

''ત...મે... સંગીત છોડી દીધું? ઈશ્વરે આટલો સરસ કંઠ આપ્યો છે તેનો તમે ઉપયોગ નહીં કરો?''

''સાહેબ, સંગીતનો તો જાતે ને ગમે ત્યારે અભ્યાસ કરી શકીશ, હાલ તો સાહિત્ય જ.''

તેવામાં 'હિંદ છોડો આંદોલન' (૧૯૪૨) છવાવા માંડ્યું. કૉલેજ બંધ થઈ ત્યારે પ્રિન્સિપાલની દીકરી સાથે તેને ઘેર રહીને અભ્યાસ ચાલુ રાખ્યો ને સ્નાતક થયાં. (૧૯૪૩)

વિદ્યાપ્રેમી પરિવારનાં સંતાન અને વળી સુમતિબહેનનાં નાના બહેન : શિક્ષણક્ષેત્રે પ્રવેશવાનું સહજમાં બન્યું. સુશીલાબહેને વડોદરાથી સયાજી હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે સેવા આપવા માંડી. (૧૯૪૩) ઠપકાઓ આપવા માટે ખ્યાતનામ આચાર્યાનો પોતાની શૈક્ષણિક કુશળતાને લીધે સદ્ભાવ જીતી શકાયો.

એક વખત બહાદુર બાળક વિશેનો કોઈ પાઠ છઠ્ઠા ધોરણમાં શીખવી રહ્યાં હતાં ને વર્ગમાં ગરબડ થવા માંડી. બન્યું એવું કે વર્ગમાં

છછુંદર ઘૂસી આવ્યું. બાળકો જ નહીં, તેમનાં શિક્ષિકા સુશીલાબહેન પણ આ પ્રાણીથી ડરતાં હતાં! અંદર અને બહાર ગરબડ વધતી જતી હતી. આચાર્યા આવી ચડશે તો કેવું લાગશે? સમયસૂચકતા વાપરીને બહેનશ્રી તો પાઠ સમજાવતાં સમજાવતાં પ્લૅટફૉર્મ પર સલામત થઈ ગયાં અને સ્વસ્થતાપૂર્વક બાળકોને કહેવા માંડ્યું, ''બૂમો ન પાડો. છછુંદર કંઈ થોડો વાઘ છે? જતું રહેશે-''

''બહેન,'' - વર્ગની છોકરીએ આંગળી ઊંચી કરીને પૂછ્યું ''હું એને બહાર નાખી આવું? મને બીક નથી લાગતી.''

''શાબાશ ! ફેંકી આવ બહાર ત્યારે !''

છછુંદર વર્ગમાંથી બહાર ફેંકાયા પછી બહેનના અવાજમાં બુલંદી આવી ''જુઓ થયું કશું? અંજના કેવી સરસ રીતે ઊંચકીને ફેંકી આવી! તમે નાહકની બૂમો પાડતાં હતાં!''

જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ તે કાળથી જ સુશીલાબહેનને ઘેર વધુ વિગતે અભ્યાસ સમજવા પહોંચી જતા અને સંતુષ્ટ થતા. બહેનનું હેત પામતા તે વિશેષ લાભ!

આ પછી સુશીલાબહેન પોતાના મોટાભાઈ કે જેઓ આદર્શ શિક્ષણકાર હતા તે મનુભાઈને ત્યાં મુંબઈ ગયાં. અહીં મોટાભાઈ દ્વારા સંચાલિત વી. સી. ગુરુકુળની પ્રાથમિક શાળામાં આચાર્યપદ સંભાળ્યું. (૧૯૪૪) મનુભાઈ સુશીલાબહેનની કામગીરીનું અવલોકન કરતા અને તટસ્થ પ્રતિભાવો પણ મેળવતા. આથી એમણે પ્રસન્ન થઈને કહ્યું, ''સુશીલા, તારો કંઠ આટલો સરસ છે, વળી સાહિત્યમાં પણ તારી સારી સૂઝ છે, તું શાળાનાં ભૂલકાંઓને તૈયાર કરીને એક ઉત્સવ-કાર્યક્રમ ન આપી શકે?''

ઉત્સવની ઉમંગભેર તૈયારીઓ ચાલી. કાર્યક્રમ એવો તો રોચક-મનોરંજક થયો કે તે દરમિયાન શાળા માટે અઠ્ઠાવીસ હજાર રૂપિયાનું ભંડોળ થઈ ગયું!

સને ૧૯૪૫ : વહાલી માતાનું અવસાન ! જીવનની પચીસી માંડ પૂરી થવામાં હતી ત્યાં આ આઘાત ઝીંકાયો ! વડોદરામાં મા વિનાના ઘરમાં સ્વસ્થતાથી રહી શકાવું અશક્ય બનતાં સુશીલાબહેન પૂર્વવત્ મુંબઈમાં રહ્યાં અને મોટાભાઈ પાસે રહીને શિક્ષણકાર્ય ચાલુ રાખ્યું. મોટાંબહેન સુમતિબહેન પિતાજી પાસે વડોદરા રહ્યાં અને તેમના તન-મનને જાળવવા અથાક પ્રયાસ કર્યો.

સને ૧૯૪૬ના મે માસમાં સુશીલાબહેન મુંબઈથી વડોદરા મોટાંબહેન પાસે આવ્યાં. મોટાં-બહેને તો એક જબરો નિર્ણય લઈ લીધો હતો. તે સમયમાં નડિયાદમાં વિઠ્ઠલ કન્યા કેળવણી મંડળના શૈક્ષણિક સંકુલ જેવું જ સંકુલ વલ્લભ કન્યા કેળવણી મંડળ દ્વારા રાજકોટમાં વિકસાવવાનો ત્યાગમૂર્તિ રાજવી દરબાર ગોપાળદાસ લોકસેવક ઢેબરભાઈ સાથે આયોજી રહ્યા હતા. આ કાર્યમાં સહાયભૂત થવા તેમણે સુભદ્રાબહેન શ્રોફ અને સુમતિબહેન વૈદ્યનો સંપર્ક કર્યો. બંને બહેનોએ વહાલું વડોદરા છોડીને અજાણ્યા રાજકોટ જવાનું સ્વીકાર્યું.

મા વિના હિજરાતાં સુશીલાબહેનને પણ પોતાની સાથે એ સંસ્થામાં જોડાવાનું સુમતિબહેને સૂચન કર્યું. પિતાજીએ સમર્થન કર્યું. માતા સ્વરૂપા ભગિનીની હૂંફમાં રહેવાના

આશ્વાસન અને સંતોષ સાથે સુશીલાબહેને મુંબઈની શાળાને રાજીનામું મોકલી આપ્યું અને બે સુ'બહેનોના પગલે પગલે આ ત્રીજાં સુ'બહેને રાજકોટની શરૂ થતી સંસ્થામાં જોડાવાનું સ્વીકાર્યું.

સને ૧૯૪૬ની ૧૧મી જૂને સુશીલાબહેન વલ્લભ કન્યા કેળવણી મંડળની પાંચ આદ્ય સેવિકાઓમાંનાં એક સેવિકા થતાં ખચકાયાં. ''આટલાં બધાં વરસો અંગે અબીહાલ નિર્ણય કેમ લઈ શકું?''

સંસ્થાના અગ્રણી દરબાર ગોપાળદાસના મતે સંસ્થા તો સ્થિર કર્મચારીઓ થકી જ ઉછરે. એટલે એમણે કહ્યું, ''બહેન, તમે પણ બીજાં બહેનોની જેમ બાર વર્ષ સંસ્થાને સેવા આપવાનું બંધન સ્વીકારો.''

''બંધન એટલે ? ''

''બંધન એટલે બંધન ! બાર વર્ષ પહેલાં તમે બીજે ગમે તે કારણે જઈ ન શકો. આટલું બંધન!''

''- પણ બાર વર્ષ જેટલો લાંબો સમય રહેવાની ખાતરી તો શી રીતે આપી શકું?''

સેવાભાવથી છલકતી આંખો સામે જોઈને પૂરા વિશ્વાસ સાથે દરબાર સાહેબે કહ્યું, ''દીકરી ! ન ફાવે તો તને બંધનમાંથી મુક્તિ આપીશું, રાજીને હવે?''

બંધનનો બોજ વિસારીને સુશીલાબહેન અનાયાસ સંસ્થા સાથે બંધાતાં જતાં હતાં. આમેય પડકાર ઝીલવાનું એમના લોહીમાં છે. સૌરાષ્ટ્રમાં બહેનોને તૈયાર કરવાનાં છે. દબાયેલી સ્ત્રીશક્તિને બહાર આણવાની છે. આ બધી ભાવનાના પ્રવાહમાં મોટાંબહેનનાં પગલે પગલે એવાં તો તરતાં ને ધપતાં રહ્યાં કે એમનું જગત સંસ્થામાં જ સમાઈ ગયું. તમામ સમય અને શક્તિ સંસ્થાને અર્પણ!

સંસ્થામાંના નાનકડા ઘરમાં, રસોઇ માટે સગડીને ફોસલાવી ફોસલાવીને માંડ પેટાવી હોય ત્યાં કાર્યાલયમાંથી કહેણ આવે - 'સુશીલાબહેન, મહેમાનોને સંસ્થા બતાવવાની છે.' સંસ્થા બતાવીને પાછાં આવે તો સગડી થઈ હોય શીતલ! કોઈ વાર તો બહારથી કોઈ સ્વજન ખાસ મળવા ઘેર આવ્યું હોય ને તે જ ટાણે સંસ્થાનું કામ નીકળી આવે તો 'હમણાં આવું' કહીને મહેમાનની રજા લેવી પડે ને પરત આવીને યજમાન જુએ તો પેલા અતિથિ રાહ જોઈ - થાકીને ચાલ્યા પણ ગયા હોય ! પણ સંસ્થાને ખાતર આવાં તેવાં બંધન સુશીલાબહેનને બંધન જ ન લાગતાં!

સુશીલાબહેને સંસ્થાના કન્યા વિદ્યાલયમાં પંદર વર્ષ (૧૯૪૬-૬૧) લગી શિક્ષિકા તરીકે કામગીરી બજાવી. ઈતિહાસ-પ્રદર્શન અને ઉત્સવ દ્વારા તે કાળમાં સંસ્થા રાજકોટમાં છવાઈ ગઈ હતી. આ કાર્યક્રમોના આયોજનમાં સુશીલાબહેનની સૂઝનો ફાળો મહત્ત્વનો હતો. શાળેય ફરજો ઉપરાંત સંસ્થાની સ્વચ્છતાની સામાન્ય જવાબદારી સુશીલાબહેનને હસ્તક રહેતી. સંસ્થાની સ્વચ્છતા તરફ મુલાકાતીઓનું ધ્યાન અચૂક જતું. આ કામમાં સુશીલાબહેનની સાથે કલ્યાણ નામનો એક સાથી રહેતો. તે તરુણ સંગીતનો એવો શોખીન કે ફરતાં ફરતાં હારમોનિયમ નજરે ચડી જાય તો સાવરણો ચલાવવાનું મૂકીને સૂરો રેલાવવા માંડે! સુશીલાબહેન કહેશે, ''ગાવાનું તો મનેય મન

થઈ આવે છે પણ ભઈલા, જ્યારે જે કામ!''

એક વખત સુશીલાબહેન પર એક પત્ર આવ્યો : ''પૂજ્ય બહેન, અજાણ્યો પત્ર જોઈ ફાડી ન નાખતાં. પત્ર વાંચશો એટલે તમને ખ્યાલ આવશે કે આ પત્ર કોનો છે. મને લાગે છે કે તમે મને ઓળખશો.'' - ઝડપથી પત્રને છેડે લખાયેલ નામ સુસ્મિત વાંચતાં ખ્યાલ આવ્યો કે સને ૧૯૪૩માં તે વ્યક્તિ મળેલી, બરાબર ૧૭ વર્ષ ૧૯૬૦માં તેનો પત્ર !

સુશીલાબહેન વડોદરાથી સયાજી હાઈસ્કૂલમાં ભણાવતાં હતાં ત્યારે નવમા ધોરણનો તે વિદ્યાર્થી ઘેર પણ પોતાની વધુ જિજ્ઞાસા સંતોષવા આવતો અને સંતુષ્ટ થવા ઉપરાંત હેત પણ પામતો.

સુશીલાબહેને ૧૯૪૪માં વડોદરા છોડ્યું ને બે વર્ષ પછી રાજકોટ આવી રહ્યાં. શાળાનો કે સુસ્મિતનો સંપર્ક તો રહ્યો ન હતો. કિશોર સુસ્મિત રોજ વિચાર્યા કરે : બહેન વડોદરા છોડીને ક્યાં ગયાં હશે? ભાળ મેળવવા પ્રયત્ન કરતાં વરસો વીતવા લાગ્યાં. ભણીગણીને તે સી.એ. થયો. પોતાની ઑફિસ શરૂ કરી ત્યારે તેને થયું : વહાલસોયાં બહેન આ પ્રસંગે હાજર હોત તો?

તેણે બહેનની ખોજ ચાલુ રાખી હતી. છેવટે રાજકોટનું સરનામું તેને મળ્યું. તરત પત્ર લખ્યો : 'બહેન, મારે તમને મળવા આવવું છે.'

પત્રવ્યવહાર શરૂ થયો. સુસ્મિત કિશોર મટીને યુવાન થયો હતો. લગ્ન થઈ ગયાં હતાં. બાળકો પણ હતાં. એકવાર તે બીમાર પડ્યો ત્યારે એને થયું : એકવાર બહેન મારે ઘેર આવી જાય તો પત્ની અને પુત્રો સાથે તેમનો પરિચય કરાવી દઉં. બહેનને વિશ્વાસ આપી રાખું કે મારી પત્ની અને પુત્રો પણ તમને બરાબર સાચવશે. બહેનને આગ્રહપૂર્વક તેડાવ્યાં.

સુશીલાબહેન હેતપૂર્વક તેને શહેર ગયાં. સુસ્મિતભાઈના પુત્રો પણ પપ્પાના તેમના ટીચર માટેની લાગણી અને આદર જોઈને નમી પડ્યા.

આ અને આવી કેટલીક ઘટનાઓથી સુશીલાબહેનને પ્રતીતિ થઈ કે વાવેલું વહાલ કદી અકારથ જતું નથી આથી તેઓ ઉદાસ અને ઉપેક્ષિત જણાતી છાત્રાઓને સહાનુભૂતિપૂર્વક સહાયભૂત થતાં રહ્યાં.

વલ્લભ કન્યા કેળવણી મંડળ, રાજકોટનો વડલો વિસ્તરતો જતો હતો. બાળમંદિર, પ્રાથમિક શાળા, અધ્યાપન મંદિર, બાલ અધ્યાપન મંદિર, છાત્રાલયો આમ વડલાની છાયા વિસ્તરતી જતી હતી. સંસ્થા નિયામક સુભદ્રાબહેન શ્રોફે જોયું કે સંસ્થામાં કોઈ નવો વિભાગ શરૂ કરવો હોય તો તેની સુવ્યવસ્થિત શરૂઆત કરવા માટે અને તેને સ્થિર કરવા માટેની જવાબદારી સુમતિબહેન અને સુશીલાબહેનને સોંપવી જોઈએ.

અને એ રીતે બાલઅધ્યાપન મંદિર શરૂ થતાં સુશીલાબહેન હવે તે વિભાગમાં ગયાં. (૧૯૬૨-'૯૦) અહીં તાલીમાર્થી તરીકે આવતી કેટલીક બહેનોની પરિસ્થિતિ સાંભળીને તેઓ સ્તબ્ધ થઈ જતાં. કોઈ વિધવા તો કોઈ સધવા છતાં વિધવા ! લાચાર, હારેલાં ને થાકેલાં બહેનોને શિક્ષણ ઉપરાંત તેઓ જીવનદાયિની સહાનુભૂતિ પણ દર્શાવતાં ને

સહાયભૂત થતા રહ્યાં. છેલ્લા બે વર્ષ (૧૯૭૮-'૮૦) સુમતિબહેન નિવૃત્ત થતાં તેમણે આચાર્યપદ સંભાળ્યું અને શોભાવ્યું. આ પછી વધુ પાંચ વરસ નોકરીની મુદત વધારી આપવાની દરખાસ્ત ટ્રસ્ટીમંડળે મૂકી પણ તેમણે સવિનય સ્વીકારી નહીં : સંસ્થાને નવા લોહીનીય જરૂર!

શિક્ષણ ઉપરાંત સાહિત્ય અને સંગીતની પણ ઉપાસના કરતાં રહેલાં સુશીલાબહેનનાં 'પ્રતીતિ' (૧૯૬૬), ઉજ્જવલ શર્વરી (૧૯૮૬), વનપ્રસ્થાન (૧૯૮૧) - એમ ત્રણ કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા. મરાઠી નાટક 'આરણ્યક'નું એમનું ભાષાંતર પણ પ્રકાશિત થયું.

સંગીત-સુધા તો બચપણથી જ એમને કંઠે વસી હતી. તેઓ જે જે શિક્ષણ સંસ્થાઓમાં રહ્યા ત્યાં ત્યાં એમના સંગીતકૌશલ્યની નીપજ રૂપે યાદગાર ઉત્સવો થયા જ કર્યા. રાજકોટની તેમની સંસ્થાની પ્રાર્થનાસભાઓમાં એમના દ્વારા ગવાયેલ ભજન-ગીત કે ગરબા સૌને માટે અદ્‌ભુત આધ્યાત્મિક અનુભૂતિ સમાન બની રહેતા. એમાંય ''હરિ આવનકી આવાજ... મહલ ચડી ચડી જોઉ રી, કબ આયે મહારાજ... સૂની મૈં હરિ આવનકી આવાજ...'' - એ દિલીપકુમાર રૉયનું ગીત શ્રોતાઓ સંભારે કે રાજેન્દ્ર શાહનું આ ગીત? ''મન મેં તારું જાણ્યું ના..જાણ્યું ના. આંગણ, જેને ઈજ્જન દીધું ઘરમાં તેને આણ્યું ના..'' તો વળી ''સુંદરમ્''નું ભજન ક્યાં ભુલાય તેવું છે! ''સતી આજન રે હો, સતની શૂળીએ વિંધાય રૂડા રંગમાં રંગાય, તેના ગુણ રે હો ગાયા કેમ રે ગવાય!'' - આવાં અનેક ભજનો સુશીલાબહેન એવી હલકથી ગાતાં કે ગાયિકા અને શ્રોતા : સૌ એકતાર!

સુમતિબહેન સંસ્થાના મંત્રીપદેથી નિવૃત્ત થયાં. (૧૯૮૬) આ પછી રાજકોટના શિક્ષણપ્રેમી નાગરિકો અને સંસ્થાઓ તરફથી તા. ૩૦-૧૧-'૮૮ના દિને ત્રણેય સુ'બહેનોને ભવ્ય સન્માન સમારોહ થયો.

નિવૃત્ત જીવન માણવા માટે બંને બહેનોએ રાજકોટ શહેરમાંના નિજનિવાસમાં રહેવું શરૂ કર્યું. (૧૯૮૮) વાચન-લેખન અને સત્કાર : એમની દેખીતી પ્રવૃત્તિ અને વૃત્તિ વહાલ વરસાવવાની! દરબારસાહેબ સાથે કબૂલેલ બાર વરસનું બંધન તો ક્યારનુંય વિસરાઈ ગયું હતું. બંધનનું પાલન બંધનના બોજ વિના થઈ ગયું! શિક્ષણ અને સંસ્કારને વરેલાં અપરિણીતા શિક્ષિકા સુશીલાબહેન ઊંડા સંતોષ સાથે કહી શકે છે : ''માણ્યું મેં તો બંધન વિનાનું બંધન!''

❀ ❀ ❀

**શિક્ષણની જવાબદારી**

કોઈપણ દેશની કેળવણી પ્રથાએ દેશની પ્રગતિ સાથે કદમ મિલાવ્યા વિના છૂટકો નથી. શિક્ષણ આર્થિક અને રાજકીય વૃદ્ધિ અને પ્રગતિ સાથે પણ સંકળાયેલું છે. દેશનું શિક્ષણ ફક્ત કેળવણીકારોની જ જવાબદારી નથી, એ સહિયારી જવાબદારી છે. બધાની જવાબદારી છે.

**- હરભાઈ ત્રિવેદી**

❀ ❀ ❀

# ગાંધી વિચારને ..... વૈશ્વિક સ્થાન

- શ્રી શ્યામજી દેસાઈ

કેટલીક તિથિઓ વિશેષ અને વૈશ્વિક કક્ષાએ અનોખી રીતે મહત્ત્વ ધરાવે છે. બીજી ઓક્ટોબર અને ત્રીસમી જાન્યુઆરી - શહીદ દિવસ એમાંની એક છે.

જગતના ઈતિહાસમાં દૃષ્ટિ કરતાં અનેક વ્યક્તિઓની તિથિઓ વૈયક્તિક ગુણગાન, વિશેષ જીવન પદ્ધતિ અને કાર્યોની આગવી વિશેષતાઓ અને પ્રભાવ થકી ઓળખાય છે અને ઉજવાય છે. પરંતુ જૂજ તિથિઓ કોઈ વિચારને સ્પર્શ કરી વૈશ્વિક વિચારધારામાં સ્થાન ધરાવતી હશે. વ્યક્તિ તરીકે ઘણી મહાન વિભૂતિઓ આપણો ઉચ્ચ કક્ષાનો આદર ધરાવે છે. એ તમામને હૃદયથી વંદન.

પરંતુ... વ્યક્તિની જીવનશૈલી, કાર્ય અને યોગ્ય વિચારને અનુરૂપ કોઈ વિચારધારામાં શ્રેષ્ઠ કક્ષાનું સ્થાન ધરાવતું હોય તો તે છે ગાંધી જીવન શૈલી અને ગાંધી વિચાર. આજના આ વિષયમાં આપણે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન, જન્મ, અભ્યાસ, વ્યક્તિગત વાત અને જીવન પાસાંઓની ચર્ચા કરતા નથી, પણ એમણે દિશાનિર્દેશ કરેલ વિચારની આસપાસ કેટલું સામર્થ્ય મળ્યું, મળી રહ્યું છે અને ભવિષ્યમાં મળવાની સંભાવનાઓ છે એ સંદર્ભે જોઈશું.

ગાંધી વિચારનાં અનેક પાસાં અને એના ઊંડાણમાં દૃષ્ટિપાત કરવા દિવસો, મહિનાઓ અને વર્ષોની અવધિ પણ ઓછી પડે. આ ક્ષણે આપણે ગાંધી વિચારની કેટલીક બાબતો અને એના અલ્પાંશનો જ સ્પર્શ કરીએ છીએ. એમની વિચારધારામાં મહત્ત્વની લાગતી આશરે સાત આઠ બાબતો લઈએ.

**સર્વોદય વિચારધારા**

દરેકના ભલામાં આપણું ભલું છે. દરેકના ઉદયમાં શાશ્વત સુખ છે. સર્વનો વિચાર જ્યાં નથી, ત્યાં અસમાનતા ઘર કરે છે. આ વિચાર આજની ઘણી સમસ્યાઓના ઉકેલનો આધાર છે. ગાંધી વિચારનાં મૂળિયાં અહીં સ્થાપિત થતાં દેખાય છે.

**સાદું જીવન ઉચ્ચ વિચાર**

આજની તારીખે આ બાબતે શું સ્થિતિ છે એનાથી આપ સૌ ક્યાં અજાણ છો? એટલે આજની ઘણી સમસ્યાઓનું નિવારણ અથવા નિરાકરણ આ વિચારધારામાં જ મળે છે.

**પ્રાકૃતિક જીવન અને કુદરતી ઉપચાર**

માનવ પ્રાકૃતિક જીવનથી દૂર ભાગતો જાય છે. જેના કારણે અનિયમિત ઋતુ પરિવર્તન, દરેક ચીજનો અભાવ, આરોગ્ય, પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ અને જીવન જીવવાની પદ્ધતિ વગેરેના કારણે કોરોના જેવી મહામારી અને બીજા ઘણા બધા વૈવિધ્યપૂર્ણ અનુભવો અને સમસ્યાઓના માર્ગની આશા આ વિચારમાં જ બંધાય છે. આપણે આવા અનુભવમાંથી પસાર

થયા છીએ ત્યારે ગાંધીનો આ વિચાર પ્રવર્તમાન સમયે એક નવો જ દિશાનિર્દેશ કરે છે. જીવવાનું બળ પૂરૂ પાડે છે.

**જીવન ઘડતરની શિક્ષણ પ્રણાલી**

જીવન જીવવા સક્ષમ બનાવે એવું ''સા વિદ્યા યા વિમુક્તયે'' અંતે પરમત્વના સાનિધ્ય તરફ પહોંચાડવાનું ઘડતર કરતી શિક્ષણ વ્યવસ્થા એ ગાંધી વિચારમાં મહત્ત્વનું અંગ છે. જેનાથી જીવન કેળવાય એવા શિક્ષણવિચારની, બીજા અર્થમાં ''બુનિયાદી શિક્ષણ'' ગાંધીની જગતને મહાન ભેટ છે. આમ તો મૂળે ''નઈ તાલીમ'' શબ્દ પ્રયોગ છે. પરંતુ કેટલાકને એમાં કેટલો રસ છે ? કેટલી સુગ છે?... એ આપણે અનુભવી રહ્યા છીએ. પરંતુ એવા શિક્ષણ સિવાય આજની સમસ્યાઓમાંથી છુટકારો મેળવવો ઘણું કઠિન કામ છે.

**મૂલ્યનિષ્ઠ જીવન પદ્ધતિ અને મૂલ્યોની જાળવણી**

ગાંધીજીએ આ વિચાર વિષયમાં ઘણું ઊંડું ખેડાણ કરી વૈયક્તિકથી લઈ... વૈશ્વિક જીવન મૂલ્યોની વાત કરી છે. આ ઉત્તમ વિચાર જગતભરના માનવના આચરણમાં ઉતરે તો... તો ઘણા પ્રશ્નોનો ઉદ્ભવ જ ખતમ થઈ જાય.

**સર્વધર્મ સમભાવ અને સાર્વત્રિક સમાનતા**

સંપ, સહકાર અને આદરભર્યું જીવન જીવવા આ વિચારધારાનો વ્યાપ વધે એ સાંપ્રત સમયની વૈશ્વિક માંગ આપણે હાલમાં અનુભવી રહ્યા છીએ. આતંકવાદ, વિવિધ વિદ્રોહ, નકસલવાદ કે અન્ય સમસ્યાઓ કેમ ન હોય? એ સૌના નિર્મૂલનની પ્રબળતા આ વિચારમાં અધિક દેખાય છે.

**ગૃહ અને ગ્રામોદ્યોગ**

રોજગારી, આત્મનિર્ભરતા અને જીવન નિર્વાહની સમસ્યાઓનું સમાધાન અહીં છુપાયેલ છે. એ સંદર્ભમાં વૈશ્વિક લેવલે ગૃહ અને ગ્રામોદ્યોગને જ અગ્ર સ્થાન મળવું જોઈએ. હાલમાં બેકારી નિવારણ માટે આ એક માત્ર વિકલ્પ છે.

**અસ્પૃશ્યતા અને ભેદભાવ... માનવ જીવનનું મહાકલંક**

જાતિ, રંગભેદ, ભાષા, વિસ્તાર કે અન્ય તમામ તણાવોમાંથી બહાર આવવાનો આ એક ઉત્તમ વિચાર ગાંધીએ વર્ષો પહેલાં જગતના ખોળે અર્પણ કરેલ છે. આ વિશે અમલ કરવો જગતને ઘણો અઘરો જરૂર લાગશે. પણ એ વિચાર ઉત્તમ અને અંતિમ પણ છે. એ વાત સમજવી અઘરી નથી. સમજ્યા વગર છૂટકો નથી.

**આત્મશુદ્ધિ માટે આધ્યાત્મિક અભિગમ સાથે પ્રાર્થનાનું જીવનમાં સ્થાન**

જગત સમસ્તનું સંચાલન-વ્યવસ્થાપન કરનાર કોઈક શક્તિ છે જ. એ શક્તિનું સ્મરણ, સાનિધ્ય અને કૃપા આપણાં કર્મોને આધિન હોય એ સર્વ સ્વીકૃત બાબત છે. એટલે કર્મના સિદ્ધાંત અનુસાર સદ્કાર્ય અને મનની શુદ્ધતા માટે પ્રાર્થનાનું ઊંચેરુ સ્થાન હોવું જ જોઈએ. એમણે ત્રિગુણ, ત્રિદોષ અને અગિયાર મહાવ્રતોના માધ્યમથી આ સંદર્ભે દુનિયાને ઘણું પીરસ્યું છે. (બીજાં ઘણાં પાસાં, વિગતોની ચર્ચા આપ ઉપર અધ્યાહાર રૂપ છોડું છું.)

**''વૈષ્ણવ જન તો તેને કહીએ,**
**જે પીડ પરાઈ જાણે રે...!''**

૨૦મી સદીના મહાન વિચારકો અને પૂરી સદી પર અસર કરનાર મહામાનવોમાં ગાંધીનું નામ ચર્ચિલ, સ્ટાલિન, દ.ગોલ, રૂઝવેલ્ટ, મુસોલિન, જ્યોર્જ વોશિંગટન, સિગ્મંડ, ફ્રોઇડ વગેરે વગેરે સાથે અચૂક મુકાય છે. કેટલી ગૌરવભરી કહેવાય આ વાત!! અત્યારે... આપણે ફક્ત આટલું જ સમજી શક્યા છીએ કે કેમ? એ પણ મહા પ્રશ્ન છે!!

અમેરિકા, ઇંગ્લેન્ડ, ગ્રાનાડા, સાયપ્રસ, અપર વોલ્ટા, પનામા, બ્રાઝિલ, કેમરુન, મોરેશિયસ, શારજહા અને દુનિયાના અન્ય દેશોએ વિશ્વમાં ''ગાંધી આ યુગના શ્રેષ્ઠ પુરુષ'' માની પોતાના દેશમાં 'ગાંધી ટપાલ ટિકિટ' બહાર પાડી છે.

અમેરિકન 'ટાઈમ' સાપ્તાહિકે ૧૯૩૦માં ગાંધીજીને મેન ઑફ ધ મિલેનિયમની સૂચિમાં મૂક્યા હતા. એ પણ વ્યક્તિ કરતાં વિચારને પ્રાધાન્ય આપીને.

ગાંધી રોજના ૫૦૦ શબ્દો અને એ પણ સખત વ્યસ્તતામાં પણ લખતા રહેતા હતા. જન સમસ્યાઓના સુખદ ઉકેલ માટે વિવિધ પ્રકારની અહિંસક લડતો અને સત્યાગ્રહોના ભાગરૂપ લગભગ ૨૧૦૦ આસપાસના દિવસો તો તેમણે જેલમાં જ વિતાવ્યા હતા.

**''ક્યારેક કાચ સામે, ક્યારેક સાચ સામે,**
**થાકી જવાનું કાયમ, તલવાર તાણી-તાણી.''**

ગાંધી વિશે સેંકડો લેખકોએ ઘણું બધું લખ્યું છે. ''સત્યના પ્રયોગો'' એક જ ગુજરાતી પુસ્તક એવું છે કે જે વિશ્વની અનેક ભાષાઓમાં સ્થાન પામી શક્યું છે. વિદેશી પત્રકારો-વિચારકોએ ગાંધી વિશે હંમેશા લખ્યું છે, આદરભાવથી લખતા રહ્યા છે.

જેમાં જોહન ગંથર... ''ઇનસાઇડ એશિયા'', નેપોલિયન હિલની.. ''થિંક એન્ડ ગ્રો રીચ'' લેખકોના સદર પુસ્તકોમાં અનુક્રમે ''એ માણસે કિસ્મત સામે યુદ્ધ કર્યું... અને જે કિસ્મતથી વધારે છે એવા બ્રિટિશ સામ્રાજ્ય સામે'' અને એ એક એવી કૃતિ કે જેણે લાખો વાચકોને માર્ગદર્શન આપ્યું છે. ''શ્રદ્ધાનો વિજય જોવો હોય તો ગાંધીજીનું જીવન જુઓ'' લૂઈ ફિશરે લખ્યું... ''હું લેલિન, ચર્ચિલ, આઈન્સ્ટાઈન વગેરેને મળ્યો છું. પણ ગાંધી કરતાં વધારે ચમત્કારિક માણસને હું મારી જિંદગીમાં મળ્યો નથી.'' માઉન્ટબેટન, ફિલિપ્સ ટાલબેટનું ગાંધીજી વિશેનું ચિંતન વાંચવા જેવું છે.

આમ ગાંધી એક વ્યક્તિ કરતાં ''ગાંધીવિચાર'' આજે વૈશ્વિક કક્ષાએ આગવું, વિશિષ્ટ અને મોખરાનું સ્થાન ધરાવે છે. જગતભરમાં સંકટ સમયના ઉકેલમાં સૌને ગાંધી વિચારમાં આસ્થા બેઠી છે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામી રહી છે. આવી આ મહાન વિભૂતિ અને વિચારધારામાં આપણે ક્યાં અને કેટલા મજબૂત છીએ એ એક આત્મમંથનનો વિષય છે.

ખેર! એ માર્ગે ગયા વગર છૂટકો જ નથી. ગાંધી વિચાર દુનિયાનો સર્વસ્વીકૃત વિચાર બની ચૂક્યો છે. એ જ આપણું ગૌરવ છે.

# ગોમટેશ્વરનાં દર્શન

- કાકાસાહેબ કાલેલકર

અમે જ્યારે બાહુબલીના દર્શને ગયા ત્યારે શાસ્ત્રની મર્યાદા ધ્યાનમાં રાખી મૂર્તિનું આપાદમસ્તક ફરી ફરી દર્શન કર્યું. ત્યાં મૂર્તિના ચરણની બે બાજુએ બે લેખ કોતરેલા છે. એક બાજુ જૂની નાગરી લિપિમાં, બીજી બાજુ જૂની કાનડી લિપિમાં. પણ બંને ઠેકાણે એક જ મરાઠી વાક્ય - चामुंडराये करवियलें - ચામુંડરાયે બનાવરાવ્યું.'' મરાઠી ભાષાના ઇતિહાસકારો કહે છે કે મરાઠી ભાષામાં લખાયેલી પોથીઓમાં અને શિલાલેખોમાં આ વાક્ય જૂનામાં જૂનું છે. આજની માહિતી પ્રમાણે મરાઠી ભાષા ફૂટી નીકળી તે આ જ વાક્ય સાથે. ચામુંડરાયના પિતા કોઈ દેવી ઉપાસક હશે, એટલે એણે પોતાના દીકરાનું નામ ચામુંડા માતા ઉપરથી પાડ્યું હોવું જોઈએ. કોઈ શક્તિનો દીકરો અહિંસામાર્ગી જૈન ધર્મનો ઉપાસક થયો એ પણ એ સમયનો ઇતિહાસ વ્યક્ત કરે છે. મરાઠી ભાષાના પ્રારંભમાં લખવા માટે બે લિપિઓ એકસાથે ચાલતી હશે. મરાઠી ભાષા અને કન્નડ ભાષા જ્યારે સગી બહેનો જેવી એકત્ર રહેતી હશે, ત્યારે જ એ શિલાલેખો આમ કોતરાયા હશે.

ચામુંડરાય રાજપુરુષ હતો. એની ભાષા મરાઠી હોવા છતાં પ્રજાની બંને લિપિનો એ પુરસ્કાર કરવા માંગતો હતો. મારી મીઠી, ભોળી, મરાઠી ભાષાનું આ દ્વિવિધ દર્શન કરીને હું ગળગળો થયો. મરાઠી ભાષાનો ઉદ્‌ગમ અહીં છે, એ ખ્યાલથી જ મરાઠીગિરા આ ગંગોત્રીમાં નાહીને હું પાવન થયો.

પછી મારું ધ્યાન ગયું રાફડાઓમાંથી નીકળતા મોટા મોટા નાગો તરફ. ગજવેલની તલવારને પારસમણિનો સ્પર્શ થાય તોયે એ સોનાની થયેલી તલવાર આકારે તલવાર જ હોય છે. એ કોઈની હત્યા ન કરે. સોનાની તલવારથી પ્રહાર કરવા જાઓ તો સામા માણસને ઘા કરવાને બદલે એ પોતે જ ખંડિત થઈ જાય અને તે રીતે પોતાનું સોનાપણું જાહેર કરે. તેમજ કારુણ્યમૂર્તિ અહિંસાધર્મી બાહુબલીના ચરણ આગળ સ્થાન મળવાથી આ મહાવ્યાલ પણ સાવ અહિંસક થયા છે અને પોતાની ફણા ફેલાવી જાણે દુનિયાને અભયવચન જ આપે છે.

નજર કંઈક આગળ ચડી ત્યાં બંને બાજુથી બે માધવીલતાઓ મહાપરક્રમી બાહુબલીને આધારે પોતાનો ઉન્નતિક્રમ સાધતી દેખાઈ. ધીરોદાત્ત નાયકને કોમળ લતા સમી નાયિકા વળગે તેમ આ માધવીલતા આ સાધનાવીરને વળગેલી છે. એ લતાએ કહ્યું : ''આ તપોવીરની હું શી સેવા કરું?'' મારું કામ કેવળ એની તપસ્યાની કઠોરતા ઢાંકીને એમાંથી દુનિયા માટે પ્રગટ થતી કોમળતા અને પ્રસન્નતા વ્યક્ત કરવાનું છે. બાહુબલીને હું

વીંટળાઈ વળી છું એ ખરું, પણ હું કાંઈ એનું બંધન નથી. બંધનમુક્ત થયેલા એ મુક્તાત્માનું હૃદય કેટલું કોમળ છે એનો અંગુલિનિર્દેશ કરવા ખાતર હું એના પગથી માંડીને એના હૃદય સુધી ચડી છું.''

દુન્યવી શિષ્ટાચારમાં રચ્યાપચ્યા આપણે આ મૂર્તિ તરફ જોતાંવેંત મનમાં વિચાર આણીએ છીએ કે આ મૂર્તિ નગ્ન છે. આપણે મનમાં તેમજ સમાજમાં જાત જાતની મેલી વસ્તુઓ સંઘરીએ છીએ. પણ આપણને એની નથી હોતી સૂગ અને નથી હોતી શરમ. પણ નગ્નતા જોઈને માત્ર ગભરાઈએ છીએ અને માનીએ છીએ કે નગ્નતામાં અશ્લીલતા છે; એમાં સદાચારનો દ્રોહ છે; એમાંનું બધું શરમાવા જેવું છે. પોતાની નગ્નતા ઉઘાડી પડતી ટાળવા માટે લોકોએ આત્મહત્યા પણ કરી છે. પણ શું નગ્નતા ખરેખર અભદ્ર છે? ખરેખર વિશ્રી છે? એમ હોત તો કુદરતને જ એની લજ્જા થાય. ફૂલો નગ્ન રહે છે, પશુપક્ષીઓ નગ્ન જ રહે છે. કુદરત સાથેની એકતા જેમણે ખોઈ નથી એવાં બાળકો પણ નાગાં જ ફરે છે. એમને એની શરમ જણાતી નથી અને એમની નિર્વ્યાજતાને કારણે આપણને પણ એમાં શરમ જેવું કશું લાગતું નથી. શરમની વાત જ જવા દઈએ. એમાં કશું અશ્લીલ, બિભત્સ, જુગુપ્સિત, વિશ્રી, અળખામણું આપણને લાગ્યું છે એવો કોઈ પણ માણસનો અનુભવ નથી. તેનું કારણ શું? કારણ એટલું જ કે નગ્નતા પ્રાકૃતિક સ્થિતિ હોઈ સ્વભાવ - સુંદર છે. માણસે વિકૃત ધ્યાન કરી કરીને પોતાના મનના વિકારો એટલા બધા વધાર્યા છે અને એમને અવળે રસ્તે દોર્યા છે કે સ્વભાવ-સુંદર નગ્નતા એનાથી સહન નથી થતી. વાંક નગ્નતાનો નથી પણ આપણા કૃત્રિમ જીવનનો છે. માંદા માણસ આગળ પરિપક ફળો, પૌષ્ટિક મેવો અને સાત્ત્વિક આહાર પણ છૂટથી રખાતાં નથી. એ વાંક ખાદ્ય પદાર્થોનો નથી. પણ માણસના મંદવાડનો છે. નગ્નતા આપણે ઢાંકીએ છીએ તે નગ્નતાને વાંકે નહીં પણ માણસના માનસિક રોગને કારણે. નગ્નતા ઢાંકવામાં નગ્નતાની શરમ નથી પણ એના મૂળમાં વિકારી માણસ પ્રત્યે દયાભાવ છે, રક્ષણવૃત્તિ છે. અને તેમ કરવામાં જ્યાં આવી આર્યવૃત્તિ નથી હોતી ત્યાં નર્યો દંભ હોય છે.

પણ જેમ મુગ્ધ બાળક આગળ નરાધમ પણ સૌમ્ય અને નિર્મળ બને છે તેમ પુણ્યપુરુષો આગળ, વીતરાગ વિભૂતિઓ આગળ પણ એ શમાન્વિત થઈ જાય છે. જ્યાં ભવ્યતા છે, દિવ્યતા છે, ત્યાં પણ માણસ દબાઈને વિશુદ્ધ થાય છે. મૂર્તિકારો ધારત તો માધવીલતાની એક શાખા સાથળ ઉપર થઈને કેડ સુધી લઈ જાત અને એ રીતે નગ્નતા ઢાંકવી અશક્ય ન હતી, પણ પછી તો એમને પોતાની આખી ફિલસૂફીનો ઈન્કાર કર્યા જેવું થાત. બાળકો તમારી આગળ આવીને નાગા ઊભાં રહે છે ત્યારે કાત્યાયની વ્રત કરતી મૂર્તિઓની પેઠે તેઓ પોતાના હાથ વતી પોતાની નગ્નતા ઢાંકતાં નથી. બાળકોની નિર્લજ્જતા તેમની નગ્નતાને પવિત્ર કરે છે. બીજું ઢાંકણું એમને શા કામનું?

જ્યારે કારકળ પાસે ગોમટેશ્વરની મૂર્તિ જોવા હું ગયો હતો ત્યારે અમે સ્ત્રી પુરુષ બાળક અને વૃદ્ધ અનેક જણાં હતાં. અમને કોઈને એ

મૂર્તિનું દર્શન કરતાં અસ્વસ્થતા જેવું ન લાગ્યું. અજુગતું લાગવાનો સવાલ જ ન હતો. મેં અનેક નગ્ન મૂર્તિઓ જોઈ છે અને મન વિકારી થવાને બદલે ઊલટું એ દર્શનને કારણે જ તે નિર્વિકારી થયાનો અનુભવ કર્યો છે અને મેં એવી પણ મૂર્તિઓ અને છબીઓ જોઈ છે કે જે વસ્ત્રાભૂષણથી ઢંકાયેલી હોવા છતાં કેવળ વિકારપ્રેરક અને ઉન્માદક જેવી લાગી છે. કેવળ એક ઉપચારની લંગોટી પહેરનાર નાગા સાધુઓ આપણને વૈરાગ્યનું વાતાવરણ પૂરું પાડે છે, જ્યારે માથાથી પગ સુધી ઢંકાયેલી વ્યક્તિઓ આંખના એક પલકારાથી અથવા નખરાના જરાક સરખા ઇશારાથી માણસને અસ્વસ્થ કરી મૂકે છે અને નીચે પાડે છે.

નગ્નતા પ્રત્યેની આપણી નજર અને વિકારો પ્રત્યેનું આપણું વલણ બંને બદલાવાં જોઈએ. સાચી વાત એ છે કે આપણે વિકારને પણ પોષવા માગીએ છીએ અને વિવેકને પણ સાચવવા માગીએ છીએ.

બાહુબલી, બાહુબલી છે છતાં તેનું શરીર અહીં મલ્લ જેવું કસાયેલું બતાવ્યું નથી. એ હોંશ તો યવન મૂર્તિકારોની હતી. આપણા મૂર્તિકારો જડ દ્વારા ચૈતન્ય પ્રગટ કરવા માગતા હતા. માણસની પાશવી શક્તિ વ્યક્ત કરવાને બદલે, પાશવી વૃત્તિ ઉપર વિજય મેળવનાર વૈરાગ્ય અને પ્રશમની પ્રસન્નતા વ્યક્ત કરવા એ મથતા હતા. બાહુબલીની કેડમાં દૃઢતા છે, એની છાતી વિશાળ છે. એના ખભા પહોળા છે. આખી દુનિયાનો ભાર વહન કરવો એમને માટે રમત વાત છે. એ કમ્બુગ્રીવ હોત, ગૂઢજત્રુ હોત તો આખી મૂર્તિ વધારે શોભત એ ખરું, પણ આ ટૂંકું અને જાડું ગળું અનાયાસે કૉલરની શોભા આપે છે અને એ ગળા ઉપરના વિરાજમાન માથાનું કૌમાર્ય વધારે સારી રીતે વ્યક્ત કરે છે.

આખું શરીર ભરાવદાર, યૌવનપૂર્ણ, કોમળ અને કાન્તિમાન છે. આવડી મોટી મૂર્તિમાં પ્રમાણ સાચવવાનું ભાગ્યે જ બને છે. એક જ પથરામાંથી કોતરેલી આટલી ભવ્ય મૂર્તિ દુનિયામાં બીજી કોઈ નથી. મિસર દેશમાં મોટી મોટી મૂર્તિઓ છે પણ તે એવી તો અક્કડ થઈને બેઠી છે કે રાજત્વના બધાં લક્ષણો અને ચિહ્નો એમના ઉપર હોવા છતાં, પકડી આણીને બેસાડી હોય અને નછૂટકે બેસવા તૈયાર થઈ હોય એવી જ તે દેખાય છે. અહીં એવું નથી. આવડી મોટી મૂર્તિ એટલી તો સુંવાળી છે કે ભક્તિ સાથે કંઈક વહાલની પણ એ અધિકારી બની છે.

ઘણી વાર મૂર્તિકારો આખી મૂર્તિ મજાની બનાવી દે છે. પણ જેની મારફતે વ્યક્તિત્વ ઉઠાવદાર કરી શકાય છે, તે ચહેરો બનાવવામાં જ હારી જાય છે. એટલે હું તો કોઈ મૂર્તિ જોતી વખતે એની મુખમુદ્રા તરફ નિરાશાની અપેક્ષાથી બીતો બીતો જ જોઉં છું. સારી મૂર્તિઓમાં પણ ક્યાંક તો બગાડ રહે જ છે, અને દૂધસાકરમાં મીઠાનો કાંકરો ભળી જ જાય છે. આ મૂર્તિનો સહેજ આગળ આવેલો અધરોષ્ઠ જોઈ મારા મનમાં બીક પેસી ગઈ કે અહીં આપણો ઉત્સાહભંગ થવાનો છે કે શું? એટલે વિશેષ ધ્યાનપૂર્વક જોવા લાગ્યો. આગળથી જોયું, બાજુએથી જોયું, ચિકિત્સાની નજરે જોયું અને ભક્તિની નજરે જોયું કાંઈ પણ નિર્ણય

ઉપર આવ્યા વગર છૂટકો જ ન હતો. જ્યાં સુધી મૂર્તિના સૌંદર્ય તરફ હું જોતો હતો ત્યાં સુધી હું કંઈ નિર્ણય કરી શક્યો નહીં. ચિત્તમાં અનિશ્ચિતતાની અસ્વસ્થતા જ ફેલાવા લાગી, પણ તરત જ હું ભાન ઉપર આવ્યો. મેં ઘેલા મનને કહ્યું, ''સૌંદર્યનો તો અહીં ઢગલો છે, પણ સૌંદર્ય શોધવાનું આ સ્થાન નથી. મુખમંડલ પર જો રૂપલાવણ્ય હોય અને ભાવ ન હોય તો આ પૂજામૂર્તિ થઈ જ ન શકે. કશી પ્રેરણા આપી જ ન શકે. આ મૂર્તિ અહીં દુનિયાદારીની દીક્ષા આપવા માટે ઊભી નથી થઈ. પૂછ એ મૂર્તિને! એ પોતે જ તને બધું કહી દેશે.''

નજર બદલાઈ અને એ મૂર્તિના ભાવ તરફ ધ્યાન ગયું. પછી પૂછવું જ શું? એક ક્ષણમાં વૈરાગ્ય ને કારુણ્યના પ્રવાહ ઝરવા લાગ્યા; ના, ના, વૈરાગ્ય ને કારુણ્યના ધોધ પડવા લાગ્યા અને ચિત્ત એ ધોધમાં નાહીને ક્ષણે ક્ષણે એ ભવ્યતાની ઊંચાઈ સુધી ચડવા લાગ્યું. એક આચાર્યે આવી જ કોઈ ભવ્ય મૂર્તિનું વર્ણન કરતાં ગાયું છે કે ''यत्कारुण्य-कटाक्ष-कान्ति-लहारी प्रक्षालयत्याशयम्। - કારુણ્યપૂર્ણ કૃપાદષ્ટિનો ચળકતો પ્રવાહ હૃદયના ભાવોને ધોઈ શુદ્ધ કરે છે.'' આ વર્ણનની યથાર્થતાનો અહીં અમને પૂરેપૂરો અનુભવ થઈ રહ્યો. મૂર્તિના મોઢા ઉપર સહેજ વિષાદ છે. માણસની દુર્બળતા, એની પામરતા, નિઃસાર જીવન પ્રત્યેની એની ઘેલછા વગેરે બધું દીર્ઘકાળ સુધી જોઈને માણસજાતિ વિશેનું પારાવાર દુઃખ એ આંખોમાં અને એ હોઠોમાં સમાયેલું છે. આટલું હોવા છતાં નિરાશા અથવા ચીડ જરાયે દેખાતી નથી. દુનિયા તો આવી જ હોય, આવી છે એટલા માટે તો એના ઉદ્ધારનો સવાલ ઊભો થાય છે. માણસની પાપપ્રવણતા વધારે જોરાવર છે કે મહાપુરુષોની, બોધિસત્ત્વોની, તીર્થંકરોની અને અવતારોની ક્ષમાવૃત્તિ અને કારુણ્યવૃત્તિ વધારે અસરકારક છે, એ સવાલનો જવાબ માણસને હંમેશ એક જ રીતે મળ્યો છે અને એ જ જવાબ આ મૂર્તિની મુખમુદ્રા પરથી આપણને મળે છે. નીચે ઊતરતાં કાન જોકે શરીરરચનાનું પ્રમાણ સાચવતા નથી, પણ મૂર્તિની પ્રતિષ્ઠા વધારે છે. એટલું જ નહીં, પણ આપણને સૌંદર્ય-સિદ્ધિનું પ્રમાણ શીખવે છે. મને તો આ મૂર્તિની આંખો, એના હોઠ, એની હનુ, આંખ ઉપરની ભમ્મર, એના હોઠ પરનું કારુણ્ય - બધું જ અસાધારણ સુંદર દેખાય છે. આકાશના તારાઓ જેમ લાખો વર્ષ સુધી ચળકતા છતાં તાજાના તાજા જ રહે છે, ઉષા જેમ વેદકાળથી આજ સુધી પોતાનું લાવણ્ય અને પોતાની તાજગી અખંડ સાચવતી આવી છે, તેવી જ રીતે આ મૂર્તિ પણ લગભગ એક હજાર વર્ષથી અહીં ઊભી રહ્યા છતાં એટલી ને એટલી જ તાજી, એટલી ને એટલી જ દ્યુતિમાન અને સુભગ છે. તડકો, હવા અને પાણીની અસરથી પાછળની બાજુએ ઝીણા ઝીણા પોપડા ખરી પડ્યા છે ખરા પણ એટલાથી એ મૂર્તિનું લાવણ્ય ખંડિત થયું નથી. કહેવાય છે કે અમેરિકાના કોઈ ફંડના ટ્રસ્ટીઓ આ મૂર્તિનો પથ્થર વધારે જીર્ણ ન થઈ જાય એટલા માટે એના પર એક જાતની દવાનો પુટ ચડાવવા મથતા હતા, પણ જૈન લોકોએ તેમ કરવા દેવાની ના પાડી. હજાર વર્ષ સુધી જે મૂર્તિ એમ ને એમ ટકી છે તે ભગવાનની કૃપા હશે તો બીજાં હજાર વર્ષ સુધી

એમ ને એમ રહેશે. અને ન રહી તોયે જેવી સ્થિતિમાં હશે તેવી જ એની પૂજા કરીશું એમ એમનું કહેવું છે. સામી બાજુએ રક્ષણવાદી લોકો કહે છે કે, ''આ મૂર્તિ ઉપર માલિકી ભલે જૈન લોકોની હોય પણ એ આખા જગતનું અલૌકિક ધન છે, શિલ્પકળાનું અજોડ રત્ન છે, અશેષ માણસજાતિનો એ અમૂલ્ય વારસો છે. હજાર વર્ષ સુધી એ ટક્યો એ ઈશ્વરની કૃપા, પણ કુદરતની અસરથી એને બચાવી હજાર નહીં પણ હજારો અને લાખો વર્ષો સુધી એને ટકાવવો જોઈએ અને ભવિષ્યકાળના અગણ્ય કોટિ માનવીઓને એ પ્રેરણા આપી શકે એ હાલતમાં એને રાખવો જોઈએ એ આપણો ધર્મ છે. વાર્નિશ ચડાવી એ મૂર્તિને બગાડી નાખવાનું નિંદ્ય કર્મ અમે ન કરીએ. મૂર્તિ છે તેવી ને તેવી જ દેખાય, એની અસરમાં જરા સરખી ઊણપ ન આવે, એમાં જરા પણ પરિવર્તન ન થાય, એટલું સાચવીને જ અમે એની આવરદા વધારવા માગીએ છીએ. વિજ્ઞાનની શોધખોળ જ્યાં સુધી આપણને લઈ જઈ શકે ત્યાં સુધી જઈ, આવી અલૌકિક કૃતિનું રક્ષણ કરવું જોઈએ. નહીં તો બુદ્ધિદાતા જગત્પ્રભુએ આપણને વિજ્ઞાન શા માટે આપ્યું? એકવાર તો વિજ્ઞાનનો સદુપયોગ થવા દો!''

બંને બાજુએ કહેવા જેવું ઘણું છે. બંને બાજુની દલીલો મનમાં ઘોળાતાં ઘોળાતાં નજર ફરી ગોમટેશ્વર તરફ ગઈ. અને ત્યાં જોઉં તો મૂર્તિ મૂર્તિરૂપે રહી જ નહીં. ગોમટેશ્વર પોતે જ મૂક વાણીમાં બોલવા લાગ્યા, ''કેવા પામર માનવીઓ છો! મેં વૈરાગ્યનું તપ આદર્યું અને તમે મારી આ મર્તિને કૃપાની નજરે નિહાળો છો અને એના લાવણ્ય પર વારી જાઓ છો. આખી દુનિયાનું ચક્રવર્તીપણું એક ક્ષણમાં મેં છોડી દીધું અને તમે આ પથરાની દોલતનો વારસો ભવિષ્યની પેઢીઓ માટે સુરક્ષિત કરવા મથો છો? તમે જડવાદી આધુનિકો આ પથરાના રૂપલાવણ્યની ઉપાસના કરો છો અને પેલા સનાતની જૈનો મારી જીવનકથાના અતરસ પર જ વારી જાય છે અને એમને માટે રચાયેલાં શાસ્ત્રવચનોના શબ્દાર્થને વળગી રહે છે. મારા જીવનનો બોધ એમને બહુ ઊંચો લાગે છે એટલે પૂજાની લાલચ આપી મને પોતાને જ પોતાના જેટલા નીચે આણવા મથે છે. બંને સરખા જ છો. રાખો કોરે તમારી એ ચર્ચા. વૈરાગ્યનો સંદેશો આપતો, પ્રશમનો સંદેશો બોધતો, નવસો એકવીસ વર્ષ સુધી અહીં ઊભો ઊભો તપશ્ચર્યા કરું છું એની તમારા ઉપર કશી જ અસર થતી નથી. અને દહાડે દહાડે તમે તમારા કલ્યાણથી દૂર દૂર જાઓ છો. એ કારણે મારા મુખ ઉપર વિષાદનો ભાવ વધતો જાય છે. એ તમે નથી દેખાતા? ટાઢ, તડકો, હવા અને વરસાદથી મારું રક્ષણ કરવા માગો છો. પણ તમારી મૂર્છાની અને ઘેલછાની વધતી માત્રા જોઈ મારી મુખ-ક્રાન્તિ ઉપર જે દુઃખ, ગ્લાનિ અને વિષાદ વધુ ને વધુ ફેલાવા લાગ્યાં છે, એમાંથી મારું રક્ષણ કરવા માટે, તમે શું કરવા તૈયાર છો? એની ચર્ચા કરો, એની ચિંતા કરો, એનું મનન કરો. પથરાના કોક દિવસે ચૂરા થવાના જ છે. જે મૂર્તિ છે, તે કોક વખતે અમૂર્તિ થવાની જ છે; પણ તમને અત્યાર સુધી તક મળી તેનો તમોએ શા ઉપયોગ કર્યો? આ

(અનુસંધાન પૃષ્ઠ ૩૨ ઉપર)

# શ્રીમાન જીમ કૉર્બેટનું ભારત - પ્રકરણ-૪ - બંધુત્વ

- રાજેન્દ્ર દવે

ભારતીય જવાનોને વર્ષો સુધી જંગલ-યુદ્ધની તાલીમ આપીને હું પાછો આવ્યો. ત્યારબાદ, એક દિવસ સવારે હું અને મેગી નાસ્તો કરીને અમારા બંગલાના વરંડામાં બેઠાં હતાં. મેગી મારા સારુ ખાખી સ્વેટર ગૂંથી રહી હતી અને હું લાંબા સમયથી વપરાયા વગર પડી રહેલી મારી માછલી પકડવાની લાકડીને ફરી તૈયાર કરી રહ્યો હતો. એવામાં થીગડથાગડ પણ સાફ કપડાં પહેરેલો એક પુરુષ પગથિયાં ચડી, સલામ કરીને ઊભો. ''મને ઓળખ્યો, સાહેબ?''

અમારું ઘર હિમાલયની તળેટીમાં, ખેતીની જમીન તથા જંગલની સીમા-રેખા પર હતું, એથી અનેક નાનાં-મોટાં, સાફ-સૂથરાં કે મેલાં-ઘેલાં, ગરીબ કે ધનવાન (ઘણે ભાગે ગરીબ!), હિન્દુ, મુસ્લિમ કે ખ્રિસ્તી માનવી અમારે બારણે આવતાં રહેતાં. રોગી કે દુઃખી, જે કોઈને મદદની અપેક્ષા હોય, કે પછી માત્ર કોઈની સાથે બેસી ચાની ચૂસ્કી લેતાં-લેતાં પોતાની રામ કહાણી કહેવાની ઇચ્છા હોય, ભલે તેઓ ખેતરમાં રહેતાં હોય કે પછી જંગલમાં કામ કરતાં હોય, સૌ કોઈ અમારા બંગલા ભણી ડગ માંડતા. અમારા ઘરે સારવાર પામેલા રોગી અને જખ્મીની સંખ્યાનો હિસાબ માંડીએ તો આંકડો હજારોમાં પહોંચે. રોગીષ્ઠ આબોહવા તેમજ જંગલ અને ક્યારેક પોતાનો પિત્તો ગુમાવી દેતાં જંગલી પ્રાણીઓ વચ્ચે કામ કરતાં જે પણ રોગ થઈ શકે, જે પ્રકારની ઈજા પહોંચી શકે, તે તમામ પ્રકારના રોગના ઈજાના કિસ્સામાં અમે શક્ય તેટલી મદદ કરી છે.

આવા એક કિસ્સામાં, એક સવારે એક સ્ત્રી અમારે ત્યાં આવીને કહે કે, મારા પુત્રને થયેલા ગુમડા માટે કોઈ બીજી દવા મળી શકે? અમે તેને આપેલો અળસીનો લેપ તેના પુત્રના ગળે ઉતરતો ન હતો! બીજી એક મુસ્લિમ સ્ત્રી રોતી-કકળતી મેગી પાસે આવીને ન્યુમોનિયાને કારણે મરણ-પથારી પર પડેલા તેના પતિને બચાવવા આજીજી કરવા લાગી. પહેલાં તો મે-એન્ડ-બેકરની ૬૯૩ નંબરની ગોળી જોઈને તેને થોડી નિરાશા થઈ. આટલી અમથી ગોળી એક મરતા માણસને શી રીતે બચાવી શકે? પરંતુ, બીજા દિવસે, તેણે મરકતા ચહેરે પોતાના પતિના સાજા થઈ જવાના સમાચાર આપ્યા, ઉપરાંત, તેની સાથે આવેલી પોતાની ચાર સહેલીઓને પણ પેલી ગોળી આપવાની વિનંતી કરી. તેઓના ઉંમરલાયક પતિ ગમે ત્યારે ન્યુમોનિયાના શિકાર બની શકે! એક બીજા કિસ્સામાં, જેનો હાથ દરવાજાની સાંકળ સુધી માંડ પહોંચી શકે એવી, આઠેક વર્ષની એક બાળા પોતાનાથી બે-એક વર્ષ નાના બાળકની દુઃખતી આંખનો ઉપચાર કરાવવા, તેનો હાથ મજબૂતીથી પકડી લઈ આવી. ભોંય પર બેસી, બાળકનું માથું પોતાના બે પગ વચ્ચે દબાવી, મેગીને કહે : ''મેમસાહેબ, હવે કોઈ ચિંતા વગર, ઉપચાર સારુ તમને જે ઉચિત લાગે એ કરી શકો છો.'' એ બાળા છ માઈલ દૂર આવેલા ગામના મુખીની દીકરી હતી. દયાની આ નાની શી દેવી, પોતાની સાથે ભણતા બાળકની દુઃખતી આંખની પીડા જોઈ ન શકી

અને તેના ઉપચારની જવાબદારી પોતાને શિરે લઈ, એક આખું અઠવાડિયું, જ્યાં સુધી બાળકની આંખ સાવ સાજી ન થઈ ગઈ ત્યાં સુધી, દરરોજ ચાર માઈલનો વધારાનો ફેરો કરીને, બાળકને ઉપચાર માટે મેગી પાસે લાવતી રહી!

દિલ્હીનો એક કઠિયારો એક દિવસ લંગડાતો-લંગડાતો અમારે ત્યાં આવ્યો. એક ભૂંડે પોતાના દંતશૂળ વડે તેનો જમણો પગ, પાનીથી માંડી ઢીંચણ સુધી ચીરી નાખ્યો હતો. કઠિયારો પયગંબરનો અનુયાયી હતો અને તેના પગની સારવાર થઈ રહી હતી તે દરમિયાન સતત પેલા અપવિત્ર પ્રાણીને પોતાની બદ-દશા કરવા બદલ ભાંડતો રહ્યો. તેના કહેવા પ્રમાણે પોતે જંગલમાં આગલે દિવસે પાડેલા ઝાડનું લાકડું કાપવા બીજા દિવસે સવારે પહોંચ્યો ત્યારે ઝાડની ડાળીઓમાં સંતાઈને સૂતેલું ભૂંડ એના તરફ ધસી આવ્યું અને એના પગને ચીરી નાખ્યો. આખા કિસ્સામાં વાંક તો એનો પોતાનો હતો, કેમ એ પોતે ભૂંડના રસ્તામાં આડો આવ્યો હતો એવી મારી દલીલ તેણે ફગાવી દીધી. ''મેં તો તે ભૂંડને જોયું પણ ન હતું. મેં તેનું એવું તે શું બગાડ્યું હતું કે આવડા મોટા જંગલને છોડીને તેને મારા તરફ જ ધસી આવવાનું સૂઝ્યું?''

બીજા એક કઠિયારાને જંગલમાં તેણે કાપેલા ઝાડના લાકડા ઉથલાવતા સમયે હાથના પંજા પર ''આવડો મોટો'' વીંછી કરડ્યો. ડંખની સારવાર લીધા પછી પણ તે ભોંય પર આળોટી, પોતાના નસીબને કોસતો રહ્યો. કહેતો રહ્યો કે તેને મળેલી દવા તેના માટે જરા પણ અસરકારક નહોતી. પરંતુ થોડા જ સમય બાદ રોતા-કકળતા આ કઠિયારાને અમે પેટ પકડીને હસતા જોયો . પૂછો કેમ? તે દિવસ વાર્ષિક બાળ-મેળાનો હતો. રમત-ગમત તથા મિઠાઈ પૂરીની ઉજાણી માણ્યા બાદ બસ્સો બાળકો અને તેમની માતાઓ હવે એક વર્તુળમાં ગોઠવાયા હતાં. આંખે પાટા બાંધેલો એક બાળક, એક લાકડી લઈ, બે માણસોએ પકડેલા બે વાંસની વચ્ચે બાંધેલી એક હવા ભરેલી કાગળની કોથળી ફોડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. કોથળીને બદલે તેની લાકડી, પેલા વાંસ પકડેલા માણસ પૈકી એકના માથા પર ઉતરી. રમૂજમાં સહભાગી સમગ્ર મેદનીમાં આપણા કઠિયારાનું હાસ્ય સૌથી ઘેરું હતું. વીંછીના ડંખની પીડા? અરે, આવો તમાશો જોવા મળે તો એ હજાર વીંછીના ડંખ સહેવા પણ તૈયાર હતો!

અમારા કુટુંબમાં પેઢીઓથી અવેતન વૈદકની પરંપરા રહી છે, અને અમારા ભારતીય માનવી કોઈએ કરેલો નાનો ઉપકાર પણ વર્ષો સુધી યાદ રાખે છે. એથી, અમારા પગથિયે ચડનાર દરેક મુલાકાતી દર્દી હોય એવું જરૂરી ન હતું. એવા મુલાકાતીઓમાં દિવસો કે વર્ષો પહેલાં મળેલી કોઈ નાની મદદ બદલ આભાર માનવા સારું, આંધી અને તોફાનમાં, ઉબડખાબડ રસ્તા પર, દિવસો લગી પગપાળા ચાલીને આવનાર પણ સામેલ હતાં. આવો એક મુલાકાતી સોળ વર્ષનો એક કિશોર હતો. મેગી પાસે ફલ્યુ તથા આંખના દર્દથી પીડાતી તેની માતાનો ઉપચાર કરાવવા માટે તેઓ બેઉ અમારા ગામમાં થોડા દિવસ રોકાયાં હતાં. હવે, દિવસોની પગપાળા મુસાફરી કરી, તેની માતા વતી અમારો આભાર માનવા તે પોતાની માતાએ ''પોતાના હાથ વડે'' ચૂંટેલાં દાડમની ભેટ લઈ, પાછો આવ્યો હતો. પેલા થીગડથાગડ કપડાં પહેરેલા માણસના

આગમનના એકાદ કલાક પહેલાં જ એક વૃદ્ધ અમારા આંગણે આવ્યો હતો. વરંડાના થાંભલાને ટેકે બેસીને થોડી વાર મારી સામે તાકી રહ્યા બાદ, પોતાનું માથું દિલગીરીપૂર્વક ધૂણાવતો કહે : ''સાહેબ, મેં આપને પહેલા જોયા હતા તેના કરતા કેટલાં ઘરડા દેખાવ છો!'' મેં કહ્યું : ''સાચી વાત છે ભાઈ, દસ વર્ષ બાદ આપણે સૌ ઘરડા દેખાઈએ.'' બધા નહીં સાહેબ. મને જુઓ. હું દસ નહીં પણ બાર વર્ષ પહેલાં આજ વરંડા પર બેઠો હતો અને તે વખતે જેવો હતો, આજે પણ, તન અને મનથી બેઉથી તેવો જ છું. તે દિવસે બદ્રીનાથની પગપાળા યાત્રાથી પાછા ફરતા થાકેલો, અને ગજવામાં પૈસા વગરનો હું, તમારો ખુલ્લો ઝાંપો જોઈ, તમારી મદદ માગવા અને તમારા વરંડામાં બેસી થોડી વાર થાક ખાવા અંદર આવી ગયો હતો. આજે હું પવિત્ર બનારસની તીર્થયાત્રાથી પાછા ફરતા, તમે તે દિવસે કરેલી મદદ બદલ આભાર માનવા અને તમને સધિયારો આપવા આવ્યો છું કે તે વખતે હું મારા ઘરે સલામત પહોંચી ગયો હતો. બસ આ એક બીડી પી, થોડો થાક ખાઈને હું, હલ્દવાની, જ્યાં મારું કુટુંબ મારી રાહ જુએ છે, ત્યાં ચાલ્યો જઈશ.'' આ શેખીખોર, જર્જરિત વૃદ્ધે, માત્ર મેં તેને બાર વર્ષ પહેલા કરેલી મદદ બદલ આભાર માનવા, ચૌદ માઈલ એક તરફ અને પાછા ફરતા બીજા ચૌદ માઈલની પગપાળા મુસાફરી કરી!

મૂળ વાત પર આવીએ. વરંડામાં અમારી સામે ઊભેલા થીગડથાગડ કપડાવાળા માણસનો ચહેરો તો જાણીતો હતો, પરંતુ એનું નામ અને અમે એને ક્યારે મળ્યાં હતાં એ યાદ આવતું નહોતું. અમારી આ મૂંઝવણ જોઈ, એણે પોતાનો ડગલો ઉતારી, ખમીસના બટન ખોલી, પોતાની છાતી તથા જમણો ખભો બતાવ્યો. અરે, આ તો નરવા! છાબડીનો કારીગર નરવા! ખભો જોતાં જ અમને સાંભરી આવ્યું. નરવાને ઓળખવામાં ખાધેલી થાપ સાવ અકારણ નહોતી. છ વર્ષ પહેલાં જેને જોયો હતો તે નરવા નહીં, લાકડીના ટેકે માંડ ડગ ભરી શકતું, તેનું હાડપિંજર માત્ર હતું. આજે, ભલે એનો ખભો, જાડા અને બરડ થઈ ગયેલા, ભાંગેલા અને તૂટેલાં હાડકાંને કારણે બેડોળ બની ગયો હતો અને એની છાતી કાળી, કરચલી પડી ગયેલી ચામડીવાળી હતી અને તેનો જમણો હાથ અર્ધો નકામો થઈ ગયેલો હતો, પણ જેમણે તેને ત્રણ માસ સુધી પોતાની જીંદગી માટે હિંમતપૂર્વક ઝઝૂમતો જોયો હતો, તેમના માટે તો તેનું આ નવજીવન ખરેખર આશ્ચર્યજનક હતું. પોતાના હાથની વધતી જતી તાકાત નરવાએ હાથને ઉપર-નીચે હલાવીને બતાવી. તેના હાથની આંગળીઓ અકડાઈ જવાનો અમારો ડર ખોટો ઠર્યો હતો અને નરવાનો છાબડી ગૂંથવાનો હુન્નર અકબંધ રહ્યો હતો. અમને મળવા આવવાનું પ્રયોજન આ બધા સારા સમાચાર આપવાનું અને મેગીના ચરણોમાં માથું નમાવી, જ્યારે એ મહિનાઓ સુધી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હતો, ત્યારે એની પોતાની, એની પત્નીની તથા એના બાળકોની દરેક જરૂરત સંતોષવા બદલ અમારો આભાર માનવાનું હતું.

**નરવાની અગ્નિપરીક્ષા**

લોહીની કોઈ સગાઈ ન હોવા છતાં, અલમોડા પાસેના એક જ ગામમાં ઉછરેલા નરવા અને હરીયા પોતાની ઓળખાણ સગા ભાઈની જોડી તરીકે જ આપતા. બેઉએ મોટા

થઈને છાબડી ગૂંથવાનો એક સમાન હુન્નર અપનાવ્યો હતો. હું માનું છું કે તેઓ અછૂત હોવા જોઈએ. કેમ કે, સંયુક્ત પ્રદેશમાં છાબડી ગૂંથવાનો વ્યવસાય માત્ર અછૂત કરે છે. ઉનાળામાં બન્ને ''ભાઈ'', ઊંચાઈ પર આવેલા તેમના વતનમાં પોતાનો હુન્નર અજમાવતા, અને શિયાળો શરૂ થતાં નીચે, કાલાધુંગી સુધી ઉતરી આવતા. કાલાધુંગીના અમારા ખેડૂત સમુદાયમાં, અનાજનો સંગ્રહ કરવા વપરાતી, ૧૫ ફૂટના વ્યાસવાળી છાબડીની ખૂબ માગ રહેતી. નરવા અને હરિયા પોતાના વતનમાં તો જેમાંથી માછલી પકડવાની સુંદર લાકડી બને છે, તે પાતળી ''રીંગલ'' નામથી ઓળખાતી વાંસની છાબડી ગૂંથતા. પરંતુ આવા વાંસ માત્ર ચાર હજાર ફૂટથી દસ હજાર ફૂટની ઊંચાઈ પર જ ઊગે છે. તેથી નીચે, કાલાધુંગી આવીને તેઓ સામાન્ય વાંસની છાબડી ગૂંથતા.

કાલાધુંગીમાં વાંસ ફક્ત સરકારી અનામત જંગલમાં જ ઉગતા. અમારા જેવા, અનામત જંગલની નજીક રહેતા ખેડૂતને દર વર્ષે, પોતાના વ્યક્તિગત ઉપયોગ માટે, થોડા વાંસ કાપવાની પરવાનગી હતી. પરંતુ વાંસનો ધંધાદારી ઉપયોગ કરવા માટે તો જંગલના રખેવાળ પાસેથી બે આના અને સાથે લાઈસન્સમાં વિગત ભરી આપવા બદલ નાની બક્ષિશ આપીને, દરરોજ લાઈસન્સ લેવું પડતું. હું માનું છું ત્યાં સુધી, આ વ્યક્તિગત લાઈસન્સ તેના ધારકને જંગલમાંથી પોતાના માથા પર ઉપાડી શકાય તેટલાં વાંસ કાપવાની પરવાનગી આપતું.

તારીખ ૨૬ ડિસેમ્બર, ૧૯૩૯ની સવારે નરવા તથા હરીયા, આવા બે લાઈસન્સ લેવા કાલાધુંગી બજારની પાસે આવેલી તેમની સહિયારી ઝૂંપડીથી નીકળી, આઠ માઈલ દૂર આવેલા નલની ગામ તરફ ચાલી નીકળ્યા. તેમનો વિચાર નલની ગામ પાસેના અનામત જંગલમાંથી વાંસના બે ભારા કાપી, સાંજ સુધીમાં કાલાધુંગી પાછા ફરવાનો હતો. કડકડતી ઠંડીથી બચવા બેઉએ પોતાના ખભાની આસપાસ જાડી પછેડી વીંટી લીધી. એકાદ માઈલ તેઓ નહેરના કિનારે ચાલ્યા અને ત્યાર પછી, નહેર જ્યાંથી નીકળતી હતી તે, બંધની ઊંચી દિવાલ વટાવી એક પગદંડી પર પહોંચ્યા. આ પગદંડી કોઈ જગ્યાએ ટૂંકી ઝાડી વાળા ગાઢ જંગલમાંથી, તો બીજી કોઈ જગ્યાએ ખડકાળ પટ વાળી બોઅર નદીના કિનારા પર પસાર થાય છે. એક આડવાત - આ પટમાં વહેલી સવારે જળ બિલાડી જોવા મળે છે અને બપોરે, જ્યારે સૂર્ય માથા પર હોય ત્યારે ત્યાં ત્રણ-ચાર પાઉન્ડની મશીર માછલી આરામથી પકડી શકાય છે. નદીના ઉપરવાસે બે માઈલ ચાલ્યા બાદ નરવા અને હરીયા છીછરી નદી વળોટીને, તેના ડાબા કિનારે, જ્યાં સવાર-સાંજ ચિતલ અને સાંભરના ટોળાં ઉપરાંત ક્યારેક વાઘ અને દિપડા પણ દેખાય છે, એવા ઝાડ અને ઘાસના જંગલમાં પ્રવેશ્યા. એકાદ માઈલ જંગલમાં ચાલ્યા બાદ તેઓ જ્યાં ટેકરીઓની બે હાર એકબીજાને મળે છે, ત્યાં પહોંચ્યા (આ તે જ જગા હતી જ્યાં થોડા વર્ષ અગાઉ મારા કુતરા રોબીને પેલા ''બેચરલ ઑફ પાવલગઢ''ના સગડ શોધી કાઢ્યાં હતાં). આ જગાથી આગળ ખીણ, જેને આ વિસ્તારના ભરવાડ અને શિકારી ''સામલ ચૌલ''ના નામથી ઓળખે છે, તે પહોળી થતી જાય છે. આ ખીણમાંથી પસાર થતી પગદંડી જેટલી માનવી વાપરે છે, એટલી વાઘ પણ! એથી અહીં જરા સાચવીને ચાલવું પડે છે. ખીણના

ઉપરના છેડે, નલની ગામ સુધીની બે માઇલનું સીધું ચઢાણ શરૂ થાય તે પહેલાં, આ પગદંડી એક ૩૦ ફૂટ લાંબા અને પગદંડીની બન્ને તરફ ૫૦ ફૂટ સુધી ફેલાયેલા ઊંચા ઘાસનાં પટામાંથી પસાર થાય છે. નલની ઘાટની આકરી ચડાઈની તૈયારી રૂપે, ઘાસમાં પ્રવેશ કરતાં પહેલાં નરવાએ શરીર પરની પછેડી ખોલી, તેને ગડી વાળીને સંકેલીને પોતાના ખભા પર મૂકી દીધી. નરવાની આગળ ચાલતો હરીયા ઘાસના પટામાં માંડ ત્રણ-ચાર ગજ અંદર ગયો હશે, ત્યાં તેણે એક વાઘની ગુસ્સા ભરી ગર્જના અને તેની સાથે નરવાની દર્દ ભરી ચીસ સાંભળી. હરીયા પાછો ફરીને જુએ છે, તો નરવા પીઠ-ભેર જમીન પર અને વાઘ તેના શરીર પર આડો પડ્યો હતો. નરવાના પગ હરીયા તરફ હતાં. પોતાના બે હાથમાં નરવાના બે ઘૂંટણ પકડી, ધીરે-ધીરે હરીયા તેને વાઘની નીચેથી કાઢવા લાગ્યો. વાઘ ઊભો થઈ ઘૂરકવા લાગ્યો, પણ એની પરવા કર્યા વગર, હરીયા નરવાને થોડા અંતર સુધી ઘસડીને લઈ ગયો. નરવા એટલો બધો ઘાયલ થયો હતો કે તેને બેઠો કરવાના હરીયાના બધા પ્રયત્ન અસફળ રહ્યાં. છેવટે, તેને અડધો ઉપાડીને અને અડધો ઘસડતા, ઘૂરકતા વાઘથી બચતા, હરીયાએ, ઘાસના પટાની બાજુમાંથી નીકળી, નલનીની વાટ પકડી. હરીયાના મનુષ્યેતર પ્રયત્નના પરિણામે બન્ને સાથી જેમ-તેમ કરી નલની પહોંચ્યા. પહોંચીને જોયું તો હરીયાના ખભા પરની પછેડીની આઠ ગડી સોંસરવા તેના શરીરમાં પેસી, વાઘના દાંતે એનો જમણો ખભો ફાડી નાખ્યો હતો. એના ખભાના હાડકાનો ચૂરો થઈ ગયો હતો અને જમણી તરફની છાતી અને પીઠના હાડકાં બહાર દેખાતાં હતાં. ખરેખર, ખભા પરની પછેડીએ જ નરવાનો જીવ બચાવ્યો તેમ કહી શકાય. તે જો આડી ન આવી હોત, તો વાઘના ચાર દાંતનો ઘા જીવલેણ રહ્યો હોત!

નલનીમાં નરવાને કોઈ તબીબી મદદ મળવી અસંભવ હતી. તેથી, હરીયાએ બે રૂપિયા આપીને એક ટટ્ટુ ભાડે કર્યું અને નરવાને તેના પર નાખી, એ કાલાધુંગી આવવા નીકળ્યો. માલ-સામાનના વહન માટે વપરાતા ટટ્ટુ પર જીન તો ક્યાંથી હોય! તેથી નરવાને માલ રાખવાના કઠણ પલાણ પર બેસવું પડ્યું. હરીયા વાઘનો સામનો બીજી વખત કરવા તૈયાર નહોતો. એથી એણે આઠ માઇલના સીધા રસ્તાને બદલે, શરૂઆતના નવ માઈલના ખૂબ જ ઊભા ઢાળ વાળા અને ઉબડખાબડ રસ્તા સહિતનો, અઢાર માઇલનો મુસાબાંગર ગામ થઈને જતો રસ્તો લીધો.

ખેર, બધી મુસીબતના અંતે, હરીયાના ટેકે ટટ્ટુ પર બેઠેલો, લોહીથી લથબથ નરવા અમારે આંગણે પહોંચ્યો. વરંડામાં બેસી ચા પી રહેલી મેગી નરવાની હાલત જોતાં જ સમજી ગઈ કે એ પોતે તો તેની સારવાર કરી શકે તેમ ન હતું. તાત્કાલિક ઉપાય તરીકે તેણે ભાન ગુમાવતા નરવાને સ્મેલિંગ સૉલ્ટ આપ્યું. એક ચાદર ફાડી તેનાથી ઘા પર પાટો બાંધ્યો અને હાથને ટેકો આપવા ઝોળી બનાવી. આટલું કર્યા બાદ તેણે ડૉક્ટર પર નરવા માટે પોતાનાથી બનતું બધું કરી છૂટવાની આજીજી કરતી ચિઠ્ઠી લખી અને અમારા મુખ્ય માણસ સાથે નરવાને કાલાધુંગી હૉસ્પિટલ મોકલી આપ્યો.

બનાવના દિવસે હું કાલાધૂંગીમાં નાતાલની રજા ગાળવા આવેલા કેટલાક મિત્રો સાથે શિકાર પર ગયો હતો. એથી મને આખી

ઘટનાના સમાચાર સાંજે, જ્યારે હું શિકાર પરથી પાછો ફર્યો, ત્યારે જ મળ્યાં. બીજા દિવસે વહેલી સવારે, હું નરવાના સમાચાર જાણવા હૉસ્પિટલ પહોંચી ગયો. હૉસ્પિટલના યુવાન, બિનઅનુભવી ડૉક્ટરના કહેવા મુજબ, નરવાને બચાવવાના બધા પ્રયત્ન છતાં એના બચવાની કોઈ આશા ન દેખાતા અને હૉસ્પિટલમાં દર્દીને રાત્રે રાખવાની કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે એણે નરવાને ઘરે મોકલી દીધો હતો. નરવાનું ''ઘર'' વીસ કુટુંબ અને તેમના અગણિત બાળકોથી ખીચોખીચ ભરેલી એક સામૂહિક ઝૂંપડી હતી. ઝૂંપડીના એક ખૂણામાં, મેં નરવાને ઘાસ અને પાંદડાની પથારી પર પડેલો જોયો. એના સડી રહેલા ઘા માં પરુ ભરાઈ રહ્યું હતું. આટલા ગંભીર રીતે ઘાયલ દર્દીને રહેવા માટે આ ઝૂંપડીથી વધુ અયોગ્ય જગા જડવી અશક્ય હતી. અતિશય કોલાહલવાળી તે રોગીષ્ઠ ઝૂંપડીમાં રોતી-કકળતી પત્ની, પ્રેમાળ ભાઈ સમાન હરીયા અને બીજા મિત્રોની સંભાળ હેઠળ નરવા, એક અઠવાડિયા સુધી ભારે તાવ સાથે, ઘણી વખત તો બેભાન અવસ્થામાં, કણસતો પડ્યો રહ્યો. મારા જેવા સામાન્ય માણસ માટે પણ એ સ્પષ્ટ હતું કે જો નરવાના સડી રહેલા ઘાને ખોલીને સાફ કરવામાં નહીં આવે, તો પેલા યુવાન ડૉક્ટરની ભવિષ્યવાણી જરૂર સાચી પડશે. આથી, મેં એની સારવાર હૉસ્પિટલમાં થાય તેવી ખાસ વ્યવસ્થા કરી. એ તો માનવું પડશે કે, અમારા યુવાન ડૉક્ટરે એક વખત પોતાનું કામ શરૂ કર્યું પછી એમાં કોઈ કચાશ છોડી નહીં. નરવાની છાતી અને ગરદન પર દેખાતા મોટા ભાગના ડાઘ, જે સ્મશાન સુધી તેનો પીછો છોડવાનો નથી, એ વાઘનો નહોર કે નખની નહીં, પણ ડૉક્ટરે છૂટથી વાપરેલી છરીની દેણ છે!

ધંધાદારી ભિખારીના અપવાદને બાદ કરતા, ગરીબ ભારતીય માટે રોજગાર વિના પેટ ભરવું અશક્ય છે. હૉસ્પિટલમાં, અને ત્યાર બાદ ઘરે, નરવાની સારવાર ઉપરાંત તેમની ત્રણ વર્ષની દીકરી અને એકબીજા નાના બાળકની સંભાળમાં તેની પત્ની પૂરો સમય વ્યસ્ત રહેતી. આ સમય દરમિયાન નરવા અને કુટુંબની સઘળી જરૂરત મેગીએ પૂરી કરી. છેવટે, ત્રણ મહિના બાદ, હાડપિંજર સમાન નરવા, ખૂબ મુશ્કેલીપૂર્વક ચાલતો, પોતાની ઝૂંપડીથી વિદાય લેવા અમારા ઘરે આવ્યો. એને જોતાં લાગતું હતું કે ભવિષ્યમાં પોતાનો જમણો હાથ એ ક્યારે પણ વાપરી નહીં શકે. અમારી વિદાય લઈ, બીજા જ દિવસે, નરવા તથા હરીયા, પોતાના કુટુંબ સાથે, અલમોડા પાસેના પોતાના ગામ જવા નીકળી ગયા. નરવા પાસેથી આખી ઘટનાનું વૃત્તાંત સાંભળી મને તેના બીજા જ દિવસે ખ્યાલ આવી ગયો હતો કે વાઘનો એના પર હુમલો એક અકસ્માત માત્ર હતો. એમ છતાં, મારા આ અનુમાનની ખાતરી કરવા અને જો તે ખોટું સાબિત થાય, તો બીજી જિંદગી જોખમાય એ પહેલાં વાઘનો શિકાર કરી નાખવા હું, બન્ને ભાઈએ આગલા દિવસે જે રસ્તો લીધો હતો તે રસ્તા પર, તસુ-તસુ ભૂમિની તપાસ કરતો નીકળ્યો. મેં જોયું કે ઘાસના જે પટામાં હુમલો થયો હતો, તેમાં પ્રવેશવા કાટખૂણે વળતા પહેલાં, થોડા ગજના અંતર માટે રસ્તો પટાને સમાંતર જાય છે. હરીયા અને નરવાના ત્યાં પહોંચવાના થોડા સમય પહેલા જ વાઘ એક સાંભરનો શિકાર કરી, પોતાના મારણને ઘાસના પટામાં,

રસ્તાની જમણી ધારની લગોલગ લઈ ગયો હતો. આગળ ચાલતા હરીયાના ઘાસમાં ઘુસવાનો અવાજ સાંભળી વાઘ બહાર નીકળ્યો અને પાછળ ચાલતો નરવા હજુ ઘાસમાં ઘુસે એ પહેલા જ તેની ઝપટમાં આવી ગયો! આ જગા પર ઘાસ એટલું ગાઢ હતું એમાં બેઠેલો વાઘ બહાર ચાલતા નરવાને ન જોઈ શકે. એથી સ્પષ્ટ થતું હતું કે વાઘનો નરવા પર હુમલો, એક આકસ્મિક ઘટના હતી. ઉપરાંત એ પણ સૂચક હતું, કે અજાણતા થઈ ગયેલા હુમલા બાદ વાઘે નરવાને મારી નહોતો નાખ્યો. બલ્કે, હરીયાને તેને પોતાની નીચેથી ખેંચી જવા દીધો હતો. આ રીતે નિર્દોષ ઠરેલ આ વાઘ ન કેવળ જીવતો બચી ગયો, તેણે મારા પુસ્તક ''મેન ઈટર્સ ઑફ કુમાઉં''ના પ્રકરણ ''જસ્ટ ટાયગર્સ'માં પોતાનું સ્થાન પણ લઈ લીધું.

મેં જોયેલાં, વાંચેલાં અથવા સાંભળેલાં બહાદુરીના બધા કિસ્સા પૈકી હરીયાએ કરેલો નરવાનો બચાવ સૌથી વધુ બહાદુરી ભર્યો છે. અફાટ જંગલમાં, એકલા, કોઈ હથિયાર વગર, અતિશય ગુસ્સે થયેલા વાઘની નીચે દબાયેલા સાથીનો પોકાર સાંભળી તેની મદદે ધસી જવું, ગરજતા વાઘની નીચેથી એને ખેંચી લાવવો, ત્યારબાદ, જ્યાં વાઘ પાછળ પડવાની પૂરી શક્યતા હતી તેવા ઉબડખાબડ રસ્તા પર ગંભીર રીતે ઘાયલ થયેલા એ સાથીને ક્યારેક ઉપાડીને તો ક્યારેક ઘસડીને બે માઈલ લઈ જવો, આ બધું ગજબની હિંમત માંગી લે છે. આવી, ઈર્ષા જન્માવે એવી હિંમત દાખવવી જેવા-તેવા માનવીની પહોંચની બહાર છે. આમ છતાં, સરપાવ મળે તેવું ઉમદા કામ કર્યા માટેના ગર્વને બદલે હરીયાને પોતે કશુંક ખોટું તો નથી કરી બેઠો એવી ચિંતા સતાવતી હતી. મેં જયારે આખી બાબત વિષે હરીયાનું વિગતવાર નિવેદન નોંધ્યું - જેનું બાદમાં નરવાએ પૂરેપૂરૂ સમર્થન કર્યું - ત્યારે મને કહે : ''સાહેબ, મેં કશું એવું તો નથી કર્યું ને, કે જેનાથી હું અથવા મારો ભાઈ નરવા કોઈ મુસીબતમાં આવી શકીએ?'' બીજી તરફ નરવા પણ થોડાં દિવસ પછી, હું જયારે એનું મરણોન્મુખ કહી શકાય એવું નિવેદન લેવા ગયો, ત્યારે હળવા, પીડા ભર્યા સ્વરે કહે : ''સાહેબ, આપ મારા ભાઈને મુસીબતથી બચાવી લેજો. જે કાંઈ બની ગયું એમાં તેનો લેશમાત્ર દોષ નથી. ઉલટું, તેણે તો મારો જીવ તેના પોતાના જીવને જોખમે બચાવ્યો છે.'' કાશ હું કહી શકું કે આ કહાણીનો અંત હરીયાની બહાદુરી અને નરવાની અનેક યાતના સામે પોતાની જીંદગી માટે ઝઝૂમવાની હિંમતની કદર કરતા પ્રમાણપત્ર અને એ ગરીબ માણસો માટે નાનકડા ઈનામ સાથે આવ્યો. પરંતુ જે બનાવનો કોઈ સ્વતંત્ર તેમજ નિરપેક્ષ સાક્ષી ન હોય તેવા બનાવ માટે કોઇ પણ ઈનામ આપવાની સાફ મનાઈ ફરમાવતી સરકારી તુમારશાહી સામે હું લાચાર હતો!

આમ, જેનો જોટો જડવો મુશ્કેલ છે એવી આ ઘટના, ''સ્વતંત્ર તથા નિરપેક્ષ'' સાક્ષીના અભાવે, સમયના ચોપડે વણનોંધાયેલી જ રહી ગઈ. બેઉ ''ભાઈઓ'' પૈકી હરીયા વધુ કંગાળ રહ્યો. નરવા પાસે ઘટનાની સાક્ષી રૂપે કમ-સે-કમ જખમના અગણિત નિશાળવાળું શરીર અને છિદ્રોથી ભરેલી, પોતાના લોહીના નિશાન સાથેની પછેડી તો હતી!

આ બાબત માટે સમ્રાટ પાસે ધા નાખવાનો વિચાર મને ઘણી વાર આવ્યો, પણ એટલામાં વિશ્વયુદ્ધ શરૂ થતાં, આખી વાત પર પડદો પડી ગયો.

# અલગારી નટસમ્રાટ જશવંત ઠાકર

## (જન્મ : ૫ મે ૧૯૧૫, મૃત્યુ : ૨૫ ડિસેમ્બર, ૧૯૯૦)

- અમિતાબેન પાલખીવાલા

વિખાયેલા વાળ, ખાદીની ધોતી અને ઝભ્ભો પહેરેલ વ્યક્તિને ગાદી પર તકિયાને ટેકવીને બેઠેલા જોઈએ તો જાણે કાળ સાથે બાથ ભીડતા કોઈ નીડર ચિંતનગ્રસ્ત મદમાતાના દર્શન થાય. જેઓ હંમેશાં પોતાની મસ્તીમાં મસ્ત જણાય એવા કોણ હતા એ અલગારી?

જેમણે અમદાવાદ અને આખાય ગુજરાતમાં ગામડે ગામડે દસેક વર્ષ સુધી અનેક શેરી નાટકો કર્યા. નાટક માટે ગ્રામીણ લોકોને તાલીમ આપી, જેમણે ઘણાં (૧૨ જેટલાં) અંગ્રેજી નાટકોના ગુજરાતીમાં અનુવાદો કર્યા અને ગુજરાતી અને અંગ્રેજી એમ બે ભાષામાં નાટકો લખ્યા પણ ખરા. ઉપરાંત લેખો, લોકગીતો, કાવ્યો, નિબંધો વગેરેની પણ રચના કરી. વર્તમાનપત્રોમાં કટારલેખક અને નાટકોમાં સમીક્ષક તરીકેની મહત્ત્વની ભૂમિકા અદા કરી. કોણ હતા એ અલગારી નટ?

કોણ હતું જેણે નાટકની દુનિયાની વિવિધ પાંખોમાં પોતાનું આગવું અને મોખરાનું સ્થાન ઊભું કર્યું હતું? સંખ્યાબંધ વાસ્તવવાદી નાટકો અને નાટ્ય શિક્ષણનાં પુસ્તકો લખી નાટ્યકલાને બંધીઆર ચોકઠામાંથી બહાર કાઢી નવા ચીલે ચડાવનાર એ મસ્ત, મનસ્વી, અલગારી નટસમ્રાટ કોણ હતા?

જો આ અલગારી નટસમ્રાટને માત્ર ત્રણ જ શબ્દોમાં વર્ણવીએ તો તે હતા ગુજરાતના પ્રસિદ્ધ નાટ્યકાર, દિગ્દર્શક અને થિયેટર અભિનેતા જશવંત ઠાકર. ‘‘કલાકાર જશવંત ઠાકરને શબ્દોમાં વ્યક્ત કરવા કે સિમિત કરવા આસાન નથી.’’ આમ કહેતાં એક બાહોશ વ્યક્તિત્વ અને સામાજિક ક્રાંતિના સદાય નિઃસ્વાર્થ તપસ્વી બની રહેલા શ્રી મનુભાઈ પાલખીવાલા એ ‘‘અલગારી નટસમ્રાટ જશવંત ઠાકર’’ પુસ્તક તેમની કલમે જશવંતભાઈ ઠાકરનું જે શબ્દચિત્ર આલેખ્યું છે તે તેમના જ શબ્દોમાં જોઈએ તો પડદો ઢાંકી બેઠેલા આ કલાકારના વ્યક્તિત્વના વિવિધ રંગોનું આપણને અચૂક દર્શન થશે. ‘‘પાંખડીઓ પ્રસારતા કમળની જેમ તેઓ બહુમુખી પ્રતિભા ધરાવે છે. એમનામાં વણથંભી કૂચ કરતા ક્રાંતિકારીના દર્શન થાય છે. કદીક એ ક્રાંતિકારી કલેવરમાં કવિ ડોકિયું કરે છે તો કદીક ક્રાંતિકારી નવલકથા લખતો લેખક દેખા દે છે. કદીક ખેતમજૂર કે ખેડૂતના ખોરડા ખૂંદતા કિસાન ક્રાંતિના સ્વપ્ના સેવતા કિસાન નેતાનું મિલન થાય છે તો કદીક મિલ કામદારના ઝૂંપડામાં ઘૂમતા કામદાર આગેવાનની મુલાકાત થાય છે. અને જરા ભીતરમાં ઉતરતા કોઈ એક વ્રતધારી સંતની પ્રતિમા ઉપસતી દેખાય છે. નાટકની દુનિયાની વિવિધ પાંખોમાં તેમની દીર્ઘ તપશ્ચર્યાએ તેમને આગવું અને મોખરાનું સ્થાન અપાવ્યું છે. તેમના નાટ્યશિક્ષણના પુસ્તકોએ

નાટ્યકલાને નાટક કંપનીઓના બંધીઆર ચોકઠામાંથી બહાર કાઢી છે તો ઉચ્ચ કક્ષાના નાટકોની રજૂઆત દ્વારા કલાકારોની અને નાટ્ય લેખકોની એક નવી પેઢી નવા મૂલ્યો પર પ્રસ્થાપિત કરી છે.''

ખેડા જિલ્લામાં ગાયકવાડી રિયાસતનું નડિયાદથી સાત માઈલ દૂર મહેળાવ નામનું એક ગામ હતું. આ ગામ બ્રિટિશ વિસ્તારોથી ઘેરાયેલું હતું. અનેક પ્રકારના ધનધાન્ય અને ફળફળાદિથી ઊભરાતું, ઔદ્યોગિક ક્રાંતિ સામે ઝીંક લેતું, એખલાસ અને એકલતાનો સંદેશો આપતું, શાળા અને પુસ્તકાલયોથી સમૃદ્ધ, આત્મનિર્ભર તથા દેશની સંસ્કૃતિની નાનીશી આવૃત્તિ સમુ મહેળાવ ગામ કે જ્યાં ખેડૂત પોતાના બળદને રોજ નાળથી ઘી પીવડાવી દીકરાની જેમ સાચવતો એવા પ્રગતિશીલ મહેળાવમાં સન ૧૯૧૫ના મે મહિનાની ૫ મી તારીખે મા લલિતાએ એમના બીજા સંતાન જશવંતને જન્મ આપ્યો. ત્યારે નાનીમા પાર્વતીબેને તેમનું લાડલુ નામ 'કાળિયો' પાડ્યું.

પિતા દયાશંકર પાસેથી નિષ્ઠા અને પ્રમાણિકતા તથા મામા લલ્લુભાઈ પાસેથી માનવતા અને નીડરતા વારસામાં મેળવેલ જશવંતભાઈના જીવનમાં રાષ્ટ્રવાદ પરાકાષ્ટાએ પહોંચાડનાર ઘણાં પ્રસંગોએ અને વાતાવરણે તેમનામાં નીડરતાનું સિંચન કર્યું. તેઓએ જામનગરમાં સ્વામિનારાયણ મંદિરમાં તાલબદ્ધ રીતે મંજીરા અને છબછબિયા (મંદિરની ધાર્મિક વિધિમાં વગાડવામાં આવતું ડ્રમ અથવા કરતાલ જેવું વાજિંત્ર) વગાડતાં વગાડતા સંગીત કલાના પહેલા પાઠ પણ શીખવાની શરૂઆત કરી. તો નાટ્યકલાના પ્રથમ બીજ પણ જામનગરમાં જ રોપાયા. આમ, બહુમુખી પ્રતિભા ધરાવતા જામ રણજિતસિંહનું જામનગર જશવંતભાઈની બહુમુખી પ્રતિભાને કંડારનાર શિલ્પી બન્યું હતું.

પિતાની સિટી સર્વે ઑફિસર તરીકેની કારકિર્દીને કારણે જશવંતભાઈએ પ્રાથમિક શિક્ષણ નડિયાદ અને જામનગરમાં લીધું. કલામાં રસ હોવાથી ૧૯૨૮માં તેમણે જામનગરની સંગીત શાળામાં અભ્યાસ શરૂ કર્યો. ૧૫ વર્ષની ઉંમરે તો તેઓ સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા અને અભેદ્યમંડળની સ્થાપના કરી. ૧૯૩૦ના માર્ચમાં નડિયાદમાં મેટ્રીકની પરીક્ષા આપી, યશસ્વી રીતે ઉત્તીર્ણ થયા પછી અભ્યાસ ચાલુ રાખી ડૉક્ટર થઈ સેવા કરવાની તેઓ ખ્વાહિશ ધરાવતા હતા. પરંતુ બીજીબાજુ આઝાદીનું આંદોલન તેમને ખેંચતું હતું. તેમાં પણ સાહિત્યકાર તરીકે જાણીતા કિસનસિંહ ચાવડાની ક્રાંતિકારીની દોસ્તીએ તેમના ક્રાંતિકારી વિચારોની કેડીમાં રાહબરનું કામ કર્યું. ઉપરાંત જામનગરની ગાંધીજીની સભામાં એકઠી થયેલી માનવમેદનીમાં રાષ્ટ્રીયતાનો સંદેશો ફેલાવતી દેખાયેલી બે આનાની ખાદીની ટોપીની (ગાંધી ટોપી) એમને તો લગન લાગી હતી. આથી જ રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા તેમના પ્રાચીન સનાતન ધર્મની અને શંકરાચાર્યની પ્રણાલિની કોઈ એક ગાદીના ગાદીપતિ કે મઠાધિપતિ થવાની તકને તેમણે નકારી કાઢી હતી. ૧૮મી સદીમાં સ્કોટલૅન્ડમાં એક પ્રચલિત કહેવત હતી કે, ''અગર ઈચ્છાએ ઘોડે હોતી તો ભિખારી ઉન પર સવાર

હોતે.'' આ કહેવત સખત પરિશ્રમના સર્વોત્તમ પરિણામનો નિર્દેશ કરે છે. જશવંતભાઈએ પણ અમદાવાદમાં ૧૯૩૧માં બી. જે. મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો અને સાથે સાથે રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ ચાલુ રાખીને શિક્ષણ અને ક્રાંતિના બન્ને ઘોડા પર એક અલગારીની જેમ સવારી કરવાનું શરૂ કર્યું.

૧૯૪૯-૫૦માં વડોદરા યુનિવર્સિટીમાં નાટ્યકલાના પ્રાધ્યાપક તરીકે ૧૯૬૦થી ૧૯૭૧ એચ. કે. આર્ટ્સ કૉલેજમાં નાટ્યશાસ્ત્રના વડા તરીકે, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડમાં અભિનય કળા પુસ્તકના લેખક તરીકે મળેલ મહેનતાણુ તથા રૉયલ્ટી, પેન્શન, નાટકોના દિગદર્શન માટે મળતી રકમ, ગુજરાતની કૉલેજમાં નાટ્યકલાના પ્રાધ્યાપક તરીકેની કામગીરી, કેન્દ્ર સરકારના નિમંત્રણથી ટેલિવિઝન પર સલાહકાર તરીકેની કામગીરી - જીવનમાં આવકના આવા અનેક સાધનો સામે આવીને પડ્યા. પણ ગાંધીજીના અપરિગ્રહના સિદ્ધાંતને વરેલા તેઓએ તેમને મળેલ મહેનતાણુ પેન્શન કે રૉયલ્ટીની રકમને કાં તો વિધાનસભાને, આર્થિક ભીંસ અનુભવતી નાટ્ય સંસ્થાઓને, જરૂરિયાતમંદોને કે મૂંઝાતા કલાકાર વિદ્યાર્થીઓને આપીને તેઓને ખીલવાની તક પૂરી પાડતા, પૂર્ણવિરામે પહોંચાડતા અને કંઈક રડતાને હસાવતા. તેમણે આવકના એકેય સાધનનો ધનસંચય માટે ઉપયોગ કર્યો નહીં. તેઓ માનતા હતા કે વ્રતની છડી પોકારવાની હોય તો એ વ્રત, વ્રત નથી, એનું કોઈ મહાત્મ્ય નથી. પણ આ વ્રતની ખરી કસોટી તો લગ્ન પછી થઈ. જશવંતભાઈ ચુસ્ત ગાંધાવાદી નહીં હોવા છતાં પણ તેમના સંસ્કારો સંકલ્પની સીમાઓની હદ બહાર તેમને જવા દે તેમ નહોતા. આ વ્રતધારી સંસારી સંન્યાસીની બહુમુખી પ્રતિભાની આજ સુધી અપ્રકટ રહેલી આ પ્રતિભા નેક અને નિષ્ઠાની મહેક પ્રસરાવતી સમયની કૂચ સાથે વધુ ને વધુ દૈદિપ્યમાન થતી માનવતાનો સંદેશો પાઠવી રહી છે.

માત્ર ૧૫-૧૬ વર્ષની ઉંમરે જશવંતભાઈએ 'સિતમની ચક્કી'નામની નવલકથા લખી. જેણે અંગ્રેજોની ઊંઘ હરામ કરી દીધી અને તેમની સામે ધરપકડ વૉરંટ જારી કર્યું. શ્રીમતી મૃદુલાબેન સારાભાઈની અગમચેતીથી તેઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયા અને પછી તેમના સહકાર અને સલાહથી (મૃદુલાબેને તેમને મુંબઈ જવા ૩૦ રૂ. આપ્યા હતા.) મુંબઈ અને ત્યાંથી પછી મહર્ષિ અરવિંદ અને માના આશ્રમમાં પોંડિચરી ભાગી ગયા. પણ તેમના પરનું આ વૉરંટ તો વર્ષો સુધી ચાલ્યું. જો કે નાટ્યપ્રયોગ શિલ્પ, લોકનાયક અને ગામડું જેવા નાટ્યશિક્ષણના પુસ્તકો પણ તેમણે પ્રકાશિત કર્યા.

જશવંતભાઈના મન ઉપર મહર્ષિ અરવિંદની ફિલસૂફીની ગેહરી અસર હતી. આથી જ દેશમાં શિક્ષણ અને સંસ્કારના વિશ્વવિખ્યાત કેન્દ્રો - કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું શાંતિનિકેતન, નૃત્ય સમ્રાટ ઉદયશંકરના અને કવિ વાલ્લાથેલાના કથક નૃત્યોના કેન્દ્રો, સ્વામી વિવેકાનંદ અને મહર્ષિ રમણના આધ્યાત્મિક કેન્દ્રોમાંથી તેઓ પોંડિચરી સ્થિત મહર્ષિ અરવિંદના યોગ – સાધના

ધરાવતા અને વેદકાળની આશ્રમપદ્ધતિના ઢાંચાવાળો તથા અન્ય સંસ્કાર કેન્દ્રો કે વિદ્યાપીઠોના કલેવર કરતાં જુદી ભાત પાડતા આશ્રમ તરફ ખેંચાયા. મૂળે ફ્રેન્ચોની વસાહત હોઈ આશ્રમ બ્રિટિશ હકૂમત નીચેના ભારતીય પ્રદેશોમાંથી આવતા ક્રાંતિકારીઓનું આશ્રયસ્થાન બની ગયો હતો. આશ્રમમાં પ્રવેશથી જ ફ્રેન્ચ નાગરિકત્વ મળતા જશવંત ઠાકરમાંથી જશ્મીન બનીને બ્રિટિશ સંસ્થાનના નાગરિકમાંથી ફ્રેન્ચ સંસ્થાનના નાગરિક બન્યા. આશ્રમના આધ્યાત્મિક વાતાવરણ, સામૂહિક ચિંતન, નિયમિતતાને કારણે તેમનું રખડું, સતત સંઘર્ષમય અને ભય ભરેલું જીવન બંધ થયું અને શ્રી અરવિંદની છાયામાં સાદુ, શાંત, સ્થિર અને શિસ્તબદ્ધ જીવન શરૂ થયું. ત્યાં તેમણે કળા અને સાહિત્યનો અભ્યાસ શરૂ કર્યો. યોગ અને સાધનાની સચ્ચાઈનું નિરીક્ષણ કર્યું. આશ્રમના સમૃદ્ધ પુસ્તકોનો સઘન ઉપયોગ કર્યો અને યોગાભ્યાસ, ગુજરાતી સાહિત્ય, છંદો વગેરેનો પણ ખૂબ જ અભ્યાસ કર્યો. કવિતાઓ, વાર્તાઓ, નિબંધો વગેરેમાં પણ ઊંડું ખેડાણ કર્યું અને લગભગ ૧૭ પુસ્તકો લખ્યા.

ડૉક્ટર બનવાનો કીડો તો તેમના મનમાં શરૂઆતથી જ સળવળતો હતો. આથી તેમણે અમદાવાદને કર્મભૂમિ બનાવવાનું નક્કી કર્યું. અને અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજમાં પ્રવેશ માટે પ્રયત્ન કર્યો. પરંતુ તેમાં સફળતા ના મળતાં તેઓને નિરાશા સાંપડી. પણ અભ્યાસ કરવાનો તો તેમનો દૃઢ સંકલ્પ હતો.

યુવાવસ્થામાં આવા અનેક વિવિધ રંગે રંગાયેલા જશવંતભાઈમાં નાટ્યપ્રવૃત્તિ અર્ધસુષુપ્ત અવસ્થામાં તો હતી જ. કદીક બીજ રૂપે પડેલી એ વૃત્તિમાં કોઈ પ્રસંગ સિંચન કરી જતો અને ભાવિ નટસમ્રાટની કેડીને અજવાળી જતો. પણ યુદ્ધ વિરોધી પરિષદોમાં ભાગ લેવા બદલ તેમની ધરપકડ થઈ. ત્રણ વર્ષ યરવડા જેલમાં રહ્યાં, જ્યાં તેમણે નાટ્ય સાહિત્યનો અભ્યાસ કર્યો અને ત્યારબાદ ઈન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિએશન (IPTA) ના શરૂઆતના સભ્યોમાંના એક બન્યા. ૧૯૪૬માં તેમણે IPTAની ગુજરાત શાખાની સ્થાપના કરી. ૧૯૪૯-૫૦માં રાજકીય પ્રવૃત્તિઓ છોડી દીધી અને નાટકક્ષેત્રને પોતાની ભાવિ કારકિર્દી તરીકે અપનાવી.

જશવંત ઠાકરે ''ઊંડા અંધારેથી'', ''દુઃખીનો બેલી'', ''મુદ્રારાક્ષસ'', ''મુશક અને મનુષ્ય'' સહિત અનેક ગુજરાતી નાટકોનું મંચન કર્યું. શેક્સપિયર અને એન્ટોન ચેખોવ દ્વારા લખાયેલા વિવિધ નાટકોનું દિગ્દર્શન કરવાનું ચાલુ રાખ્યું. ''ભગતની સમાધિ'', ''મતિમથી સોનુ'', ''રાજિયા સુલતાના'', ''ગંગા પર એક રાત'' તેમના પ્રખ્યાત નાટકો છે. તેમણે અનેક થિયેટરોની મુલાકાત લીધી અને રંગમંચના વિકાસ માટે દેશ-વિદેશના કલાકારોને મળ્યા. તેમણે સંસ્કૃત, અંગ્રેજી અને ગુજરાતી ભાષાઓમાં ૧૨૫થી વધુ નાટકોનું દિગ્દર્શન કર્યું અને કૉલેજકાળ દરમિયાન કે તે પછીના સમયમાં એકંદરે 'રૂબાયત ઑફ ઊમર ખયામ' તરીકે કે 'આરધાના' નાટકમાં નટ તરીકે કે આચાર્ય અત્રેના જાણીતા નાટક 'ઉંબર બહાર' નાટકમાં સ્ત્રી પાત્ર તરીકે પણ અભિનય કર્યો. રંગમંચની પૂર્વશરત સમર્પણ છે, એ તેમણે સિદ્ધ કરી દીધું છે.

ગુજરાતી રંગભૂમિના દિગ્દર્શક, લેખક, અભિનેતા એવા જશવંતભાઈએ ઘણાં જુદા જુદાં સફળ નાટકોમાં દિગ્દર્શન અને અભિનય પણ કર્યો છે. આથી જ ગુજરાતી રંગભૂમિને તેમના ઉત્તમ પ્રદાન બદલ ૧૯૬૮માં તેમને સંગીત નાટક અકાદમી એવોર્ડ, ૧૯૭૭માં રણજીતરામ સુવર્ણચંદ્રક અને ૧૯૮૬માં સોવિયેત લેન્ડ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. રંગમંચ અને દિગ્દર્શનને સમર્પિત જશવંતભાઈએ જાતને ભૂંસીને નહીં પણ ઘૂંટીને ગુજરાતી રંગભૂમિની જે નવી કેડી કંડારી છે તેનો આ પુરસ્કાર હતો.

ગુજરાતી રંગભૂમિનું એક આગવું, અનોખું નામ નાટ્ય સમ્રાટ જશવંત ઠાકર... ''સિર્ફ નામ હી કાફી હૈ!''

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૦ થી ચાલુ)**

પથરાની મૂર્તિને સાચવવી હોય તો ભલે સાચવો; એને ઘડનાર પ્રાચીન કલાકારો પ્રત્યેનો તમારો એ ધર્મ છે, પણ મુખ્ય ધર્મ તો જે બોધ મને મળ્યો અને જેને લીધે મારું જીવન સફળ થયું એ બોધની પરંપરા તમે અબાધિત રાખો અને હજારો અને લાખો વરસ સુધી જો તમારી માનવી જીવનની પરંપરા ચાલે તો તે બધાને- અશેષ સત્ત્વોને-કલ્યાણનો બોધ અને કલ્યાણની સાધના પ્રાપ્ત થાય એવી પરંપરા ચલાવો. એમ થતાં જરૂર દરેકનું જીવન કળામય, લાવણ્યમય અને આશીર્વાદરૂપ થઈ જશે.


**ધી રજિસ્ટ્રેશન ઓફ અ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૮૬૫ અન્વયે પત્ર અંગેની માહિતી ફોર્મ**

**(સ.ના.૯ જુઓ)**

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૨. પ્રસિદ્ધિનો ગાળો | : | માસિક |
| ૩. મુદ્રકનું નામ | : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| ૪. રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| સરનામું | : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૫. પ્રકાશકનું નામ | : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| સરનામું | : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| સામયિક માલિકી ધરાવનાર | : | **સરસ્વતી વિદ્યામંડળ (ટ્રસ્ટ),** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |

વ્યક્તિઓના તથા કુલ મૂડીના એક ટકાથી વધુ શેર ધરાવનારાઓનાં નામ તથા સરનામામાં સરસ્વતી વિદ્યામંડળ ટ્રસ્ટ, અમદાવાદ.

હું જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે જાહેર કરું છું કે ઉપર જણાવેલ હકીકત મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

તા.૧૫-૩-૨૦૨૬ **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે**

**પ્રકાશકની સહી**

# અંગ્રેજી ભાષાનો અતિરેક

- પ્રવીણ કે. લહેરી

વિશ્વમાં ઉપયોગમાં લેવાતી ભાષાઓમાં અંગ્રેજીનું સ્થાન પ્રથમ છે. દુનિયાની સૌથી વધારે પ્રચલિત દસ ભાષાઓનો વિચાર કરીએ તો નીચે મુજબની સ્થિતિ જોવા મળે છે : (૧) અંગ્રેજી ભાષા વિશ્વના અનેક દેશોમાં સરકારી ભાષા તરીકે અને શિક્ષણની ભાષા તરીકે સ્વીકારવામાં આવી છે. અંદાજિત ૧૫૦ કરોડ લોકો અંગ્રેજીનો વપરાશ કરે છે. (૨) બીજા ક્રમાંકે ચીનની મેન્ડેરિન ભાષા છે. તેનો વપરાશ અંદાજે ૧૧૫ કરોડ લોકો કરે છે. (૩) એ પછી આપણી હિન્દી ભાષા બોલનારની સંખ્યા લગભગ ૬૦ કરોડની છે. (૪) સ્પેનિશ ભાષાનો ઉપયોગ કરનારની સંખ્યા ૫૬ કરોડ આસપાસની છે. (૫) એ પછી ફ્રેન્ચ ભાષા ઉપયોગમાં લેનાર લોકોની સંખ્યા ૩૦ કરોડ જેટલી છે. (૬) એરેબિક બોલનાર લોકોની સંખ્યા ૨૭ કરોડ આસપાસ છે. (૭) ભારત-બાંગ્લાદેશ સહિત વિશ્વમાં બંગાળી ભાષા બોલનારની સંખ્યા અંદાજિત ૨૭ કરોડની છે. (૮) પોર્ટુગીઝ ભાષા વાપરનારા લોકોની અંદાજિત સંખ્યા ૨૬ કરોડની છે. (૯) રશિયન ભાષા બોલનારા ૨૫ કરોડ લોકો છે. (૧૦) ઉર્દૂ ભાષાનો ઉપયોગ કરનારની સંખ્યા ૨૩ કરોડની છે.

વિશ્વમાં અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પેનિશ અને પોર્ટુગીઝ ભાષાનો ફેલાવો થયો, તે આ દેશોના ૧૮મી અને ૧૯મી સદીના સામ્રાજ્યવાદને આભારી છે. આપણા દેશમાં પણ અંગ્રેજી ભાષા એ અંગ્રેજોના ૨૦૦ વર્ષના સંસ્થાનવાદનું સીધું પરિણામ છે. વિશ્વમાં એક સમયે બ્રિટનના સામ્રાજ્ય પર કોઈ પણ સમયે સૂર્ય પ્રકાશતો હતો એવા વિશાળ ભૂભાગના કારણે બ્રિટનનાં સંસ્થાન રહી ચૂકેલાં ૬૭ દેશોમાં અંગ્રેજી સરકારી ભાષા તરીકે માન્ય છે. અનેક ચિંતકો આ ભાષાકીય સંસ્થાનવાદ ખતમ થવો જ જોઈએ તેવો સ્પષ્ટ મત આપે છે. કમનસીબે સત્તા અને શિક્ષણમાં મહત્ત્વના સ્થાને બિરાજતી વ્યક્તિઓ માટે અંગ્રેજી ભાષાએ તેમની ઉન્નતિમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે, તેથી તેઓ અંગ્રેજી ભાષાની ગુલામી કરવામાં ગૌરવ અનુભવે છે. આ સ્થિતિમાં સંબંધિત દેશોની સામાન્ય જનતાને ભારે અન્યાય થાય છે. અંગ્રેજી ભાષાની જાણકારીના અભાવે સરકારમાં, ન્યાયતંત્રમાં, શિક્ષણ કે વ્યાપારમાં તેઓ દ્વિતીય કક્ષાના નાગરિકો હોવાનો અનુભવ કરે છે.

વિશ્વમાં કુલ ૭૦૦૦ ભાષાઓ અસ્તિત્વમાં છે, પરંતુ ૨૩ મુખ્ય ભાષાઓનો વપરાશ કુલ વસ્તીના ૫૦ ટકા કરે છે. મુખ્ય ભાષાઓના પ્રાધાન્યને કારણે અનેક ભાષાઓ લુપ્ત થઈ છે અથવા થવાના આરે છે. અમુક ભાષાઓને મુખ્ય ભાષાની બોલી તરીકે ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'કચ્છી'ને ગુજરાતી બોલી ગણીએ છીએ, પરંતુ વાસ્તવમાં તેનું વ્યાકરણ, શબ્દભંડોળ, સાહિત્ય જોતાં તેને ભાષા તરીકે સ્વીકારવાના દાવામાં તથ્ય છે. ભારતના બંધારણની આઠમી સૂચિમાં અગાઉ ૧૪ ભાષાઓને માન્ય ભાષાનો દરજ્જો મળ્યો

હતો, તેમાં હવે આઠ ભાષાનો ઉમેરો થતાં હાલ આપણા દેશમાં ૨૨ ભાષાઓ માન્ય થયેલ છે. બંધારણ કોઈ ભાષાને રાષ્ટ્રીય ભાષાનો દરજ્જો આપતું નથી, પણ હિન્દીને સરકારી ભાષા તરીકે માન્યતા આપે છે. આ સામે અન્ય પ્રાદેશિક ભાષાનાં રાજ્યોનો વિરોધ ચાલુ હોવાથી હાલ હિન્દી અને અંગ્રેજી બંને સરકારની સત્તાવાર ભાષા ગણાય છે.

ભારતના અંદાજિત ૧૪૬ કરોડની વસ્તીમાં ૨૬ કરોડ લોકો અંગ્રેજી બોલે છે કે વાંચી શકે છે. અંગ્રેજીના જ્ઞાન અંગે વ્યક્તિગત ધોરણે ખૂબ મોટી અસમાનતા પ્રવર્તે છે. કોઈ ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી બોલે છે, કોઈના ઉચ્ચ અને શબ્દભંડોળમાં મર્યાદા છે, જ્યારે સ્થાનિક ભાષા સાથે અંગ્રેજીની સેળભેળ થાય છે ત્યારે બોલાતી ભાષા હિન્દી + અંગ્રેજી = 'હિંગ્લીશ', ગુજરાતી + અંગ્રેજી = 'ગુજલીશ' જેવા શબ્દપ્રયોગથી ઓળખાય છે.

અંગ્રેજી ભાષાના દુષ્પ્રભાવ અંગે ભારતના અન્ય નેતાઓ કરતાં મહાત્મા ગાંધીનો અભિપ્રાય ભિન્ન હતો. તેઓ આઝાદ ભારતમાં અંગ્રેજીનો શિક્ષણ કે જાહેર વહીવટમાં ઉપયોગ કરવાના વિરોધમાં હતા. આ માટે તેઓએ જે કારણો દર્શાવ્યાં તે આજે પણ પ્રસ્તુત છે. ગાંધીજીનું માનવું હતું કે ભારતમાં અંગ્રેજી શિક્ષણ પામેલા લોકો અને જનતા વચ્ચે એક મોટી ખાઈ પડી છે. આવો શિક્ષિત વર્ગ પોતાની જાતને અલગ માને છે. તેનાં સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો પણ અલગ થઈ જાય છે. આ ઉપરાંત અંગ્રેજી ભણેલો વર્ગ પાશ્ચાત્ય જીવનશૈલીને વધારે ઉચ્ચ હોવાનું માની આપણી વિરાસતનો અનાદર અને ઉપેક્ષા કરે છે. વ્યક્તિ જ્યારે માતૃભાષા સિવાયની ભાષા અપનાવે છે ત્યારે તેનામાં મૌલિકતાની જગ્યાએ નકલ કરવાનું થાય છે. ગાંધીજી એમની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં લખે છે; 'જો મારે ગણિત કે વિજ્ઞાન અંગ્રેજીના બદલે ગુજરાતીમાં ભણવાનાં હોત તો હું જરૂરથી તે વિષયો વધારે સારી રીતે સમજી શક્યો હોત.'

ગાંધીજીના અંગ્રેજી શિક્ષણ સામેના વિરોધ છતાં આજે શું પરિસ્થિતિ છે, તે જોઈએ. આઝાદી સમયે ૩૩ કરોડની વસ્તીમાં અંગ્રેજી શિક્ષણ પામેલાની સંખ્યા ૭૦થી ૭૫ લાખની હતી, તે આજે ૧૪૬ કરોડની વસ્તીમાં ૨૬ કરોડે પહોંચી છે. આમ અઢી ટકાની અંગ્રેજી જાણનારની સંખ્યા અઢાર ટકાએ પહોંચી છે. આ સામે ૮૨ ટકા પ્રજા માટે જાહેર વહીવટ અને ન્યાયતંત્રની કાર્યવાહી તેમની જાણકારી બહાર ચાલે છે. અંગ્રેજી શિક્ષણ પામેલો વર્ગ અન્ય પ્રતિ અસંવેદનશીલ છે. દેશના વિકાસને ટકાઉ અને ઝડપી બનાવવો હોય તો આપણે અંગ્રેજીના અતિરેકમાંથી મુક્ત થવું જ રહ્યું. આપણું પ્રાથમિક શિક્ષણ સૌ કોઈને માટે માત્ર ને માત્ર માતૃભાષા અથવા પ્રાદેશિક ભાષામાં હોવું જોઈએ. ત્યારબાદ અંગ્રેજી સહિત અન્ય ભાષા શીખવવાની વ્યવસ્થા કરી શકાય. શિક્ષણમાં ઉચ્ચત્તમ સ્તર સુધી પ્રાદેશિક ભાષાઓને માધ્યમ બનાવવા સામે અનેક દલીલો થાય છે. સાચી હકીકત એ છે કે આપણા દેશનો એક વર્ગ અંગ્રેજી છોડવા ઈચ્છતો નથી.

આઝાદી બાદ આપણે અંગ્રેજીને કડીરૂપ ભાષા તરીકે સ્વીકારી તે એક ભૂલ હતી. ઈઝરાયલ જો વર્ષોથી ભૂલાયેલી હિબ્રૂ ભાષા પુનઃ જીવિત કરી શક્યો છે. સેંકડો ટાપુઓમાં બોલાતી અનેક ભાષાઓના સંયોજનથી ઈન્ડોનેશિયા 'ભાષા ઈન્ડોનેશિયા' વિકસાવી શક્યો છે, ત્યારે આપણે એવો કોઈ પ્રયત્ન કર્યો

**(અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર)**

# પરીક્ષાના પડઘમ વાગી રહ્યા છે.

- વસંત દવે

વિદ્યાર્થીજીવનનું મહત્ત્વનું સોપાન એટલે પરીક્ષા. કે.જી. થી પી.જી. સુધીની શૈક્ષણિક કારકિર્દીનું મૂલ્યાંકન. પરીક્ષા માત્ર વિદ્યાર્થી કે માતા પિતાની જ નથી થતી, સમગ્ર શૈક્ષણિક જગત પરીક્ષાના પરિઘમાં સમાવિષ્ટ થાય છે. વિદ્યાર્થીઓમાં પરીક્ષા પ્રત્યે સકારાત્મક વલણ કેળવાય તથા જીવનમાં પ્રાપ્ત કરવાના ધ્યેયોને પ્રાપ્ત કરે તેવી રીતે પરીક્ષાનું આયોજન થવું જોઈએ. પરીક્ષામાં પરિવર્તન થાય ત્યારે સાચું, પરંતુ વિદ્યાર્થીએ તો પોતાના જીવનમાં સફળતા મેળવવા પરીક્ષારૂપી સુંદરીને મેળવવા સ્વયંવરમાં પોતાનું કૌશલ્ય દાખવવું જ પડશે. એસ.એસ.સી. કે એચ.એસ.સી.ની જાહેર પરીક્ષા હોય કે શાળાકીય આંતરિક મૂલ્યાંકન પરીક્ષાઓ હોય વિદ્યાર્થીએ સજ્જ તો થવું જ પડશે.

આપણે જ્ઞાન પ્રાપ્ત કરવા ભણીએ છીએ. પરંતુ કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું, એનું માપ કાઢવા શાળામાં અવાર નવાર કસોટીઓ યોજવામાં આવે છે. આમ તો બધી જ કસોટીઓ મહત્ત્વની છે. પરંતુ સૌથી મહત્વની કસોટી વાર્ષિક પરીક્ષા ગણાય છે. દરેક વિદ્યાર્થીની ઈચ્છા હોય છે કે વાર્ષિક પરીક્ષામાં શક્ય એટલા વધુ ટકા કે માર્કસ આવે. પરીક્ષા નજીક આવે ત્યારે વિદ્યાર્થીની ચિંતા વધી જાય છે. વર્ષભર નિયમિત અભ્યાસ ન કરવા બદલ અફસોસ થાય છે. પરંતુ કેવળ ચિંતા કરવાથી ઉત્તમ પરિણામ પ્રાપ્ત થતું નથી. જેમણે આખું વર્ષ ગંભીરતાથી અભ્યાસ કર્યો હોય, નિયમિત ગૃહકાર્ય કર્યું હોય તેમને પરીક્ષા સતાવતી નથી. હવે પરીક્ષા સાવ નજીક છે, ત્યારે નિરર્થક ચિંતા કરવાને બદલે શક્ય એટલું વાંચન-લેખન કરી સફળતા મેળવવી એ જ લક્ષ્ય રાખવું.

કેટલા દિવસ બાદ પરીક્ષા છે? પરીક્ષાનું સમય પત્રક આવી ગયું છે. એટલે હવે તૈયારી માટે કેટલા દિવસો મળશે એ નક્કી કરી શકશો. આ દિવસો દરમિયાન કેટલા વિષયના પેપર તૈયાર કરી શકો એનું સમયપત્રક તૈયાર કરો તો સુવિધા રહે.

પૂર્વ તૈયારી માટે વિષય દીઠ કેટલા દિવસ મળશે એની ફાળવણી કરવી. અઘરા અને અગત્યના વિષયો માટે વધારે દિવસો કે સમય ફાળવો. એસ.એસ.સી. કે એચ.એસ.સી.ના ફરજિયાત વિષયની તૈયારી અગાઉથી કરવી. સામાન્ય રીતે જેમાં વધુ રસ પડે તેવા વિષયો પ્રત્યે વધુ રૂચિ હોય છે. જો કે તેમ છતાં જે વિષય અઘરો હોય કે ભવિષ્ય, કારકિર્દીમાં મહત્ત્વનો હોય તેની તૈયારી વિશેષ કરવી.

મહત્ત્વના વિષયો પાછળ વધુ સમય ફાળવવો. પ્રત્યેક વિષયોને માહિતીજન્ય ન માનતા 'ભાવિ જીવનના ઘડતર' રૂપ માનો. તમારા મનમાં 'ભારે કે અઘરા' શબ્દને બદલે 'પડકાર' શબ્દને મહત્ત્વ આપો. ઝીલી લો પડકાર ને. મનને આદેશ આપો. વાસ્તવમાં

અઘરું કશું જ નથી. અઘરું કે સહેલું મન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. પહેલેથી 'અઘરું' માનીને 'હાર' સ્વીકારશો નહીં.

**કેટલાક મુદ્દાઓ પરીક્ષાના સરળીકરણ માટે...**

- અભ્યાસક્રમના મુદ્દાઓની વિગતવાર માહિતી મેળવો. કયા મુદ્દા પર કેટલો ભાર મૂકવો કે આપવો ઘટે, એ વિશે પણ નિર્ણય કરી લો. એના સંદર્ભે મહેનત કરવા લાગો.
- છેલ્લા ચાર-પાંચ વર્ષના પ્રશ્નપત્રોનું અધ્યયન કરો. જેના આધારે પ્રશ્નપત્રનું માળખું સમજી લો. અભ્યાસક્રમના મુદ્દા બદલાયા હોય તો એ વિષે માહિતી મેળવો. છેલ્લા વર્ષોના પ્રશ્નપત્રોનો આધારે પ્રશ્નોના અગ્રતાક્રમ નક્કી કરો. આગામી પરીક્ષામાં પૂછાય તેવા પ્રશ્નોનું અનુમાન કરો. તમારા પોતાના સજેશન બનાવો. એ મુજબ પરિશ્રમ કરો.''સફળતા મહેનતનું પરિણામ છે.''
- એક જ વિષયના અનેક પુસ્તકો વાંચવાને બદલે પેપરદીઠ એક-બે ઉત્તમ પુસ્તકોના પ્રશ્નોને સમજી લો. (પાઠ્યપુસ્તક અને સંદર્ભગ્રંથની સહાય લો.) પ્રશ્નનું હાર્દ સમજી ઉત્તરનો સંદર્ભ સમજીને અર્થસભર ઉત્તર લખવાનો પ્રયત્ન (રિયાઝ) કરવો. સમજપૂર્વક વાંચન કરવું. આંતરિક રીતે પ્રશ્નોત્તરી સમજીને જ લખવાનો મહાવરો કરવો.
- પરીક્ષાની પૂર્વ તૈયારી માટે વાંચતી વખતે પાસે નોટબુક રાખવી. જેમાં ઉત્તરના માત્ર મુદ્દાઓ નોંધવા. 'અલગ જવાબ માટે અલગ પાનું' રાખવું. એક જવાબના મુદ્દાઓ એક જ પેઈજમાં સમાવેશ કરવાથી પરીક્ષા દરમિયાન જે તે વિષયની નોટબુકના મુદ્દાઓ કે પોઈન્ટ્સ ધ્યાન આપવાથી સમગ્ર વિષયનું ઝડપી પુનરાવર્તન થઈ શકશે. તે જ તમારો 'આત્મવિશ્વાસ પ્રગટાવશે.'
- અગત્યના સૂત્રો, મુદ્દાઓ, અવતરણો, સારાંશ, સારા મોટા અક્ષરોમાં કાગળ પર સ્કેચપેનથી લખીને વાંચનખંડમાં દીવાલ પર ચિપકાવો. જતાં-આવતાં, સૂતાં-ઉઠતાં એનાં પર નજર નાંખો. સરળતાથી પુનરાવર્તન, વાચન, મનન થઈ જશે.
- વાચન કરતા લેખન પર વધુ ધ્યાન આપવું. લેખનકાર્યથી ચોકસાઈ વધે છે અને વધુ યાદ રહે છે. જૂના પ્રશ્નપત્રો અથવા સજેશનના જવાબો પરીક્ષાની જેમ જ ત્રણ કલાકની સમયમર્યાદામાં લખતા રહેવું. એ રીતે પરીક્ષાની પ્રેક્ટિસ કરતાં રહેવું. મનમાંથી પરીક્ષાનો ભય કાઢી નાંખવો. સારા અક્ષરે સમયસર લખવાનો મહાવરો થશે.
- જે મુદ્દો મગજમાં ન ઉતરે એની પાછળ મહેનત કરવામાં છેલ્લી ઘડીએ સમય ન બગાડો. એમ કરવાથી બીજા જવાબો તૈયાર કરવાનો સમય બગડશે. અઘરા પ્રશ્નોને વિકલ્પમાં લેવા.
- સારું મુહુર્ત જોવાને બદલે અત્યારથી જ મહેનત કરવા લાગી જાવું. પરીક્ષાની ચિંતા કરવાને બદલે સારું પરિણામ આવશે તેવું જ વિચારવું. એથી ચિંતા દૂર થશે. ચિંતા કરવાથી 'તન-મન' પર નકારાત્મક અસર થશે. યાદ રાખો 'હૈયું બાળવા કરતાં હાથ ચલાવવા સારા.'
- એસ.એસ.સી. કે એચ.એસ.સી. બોર્ડની પરીક્ષા પણ સ્કૂલ પરીક્ષા જેવી જ છે. ભાવિ

ઉજ્જવળ બનાવવાનું પ્રથમ સોપાન છે. ભાવિ કારકિર્દીની સફળતાનો આધારનો પાયો આ 'પ્રથમ' પરીક્ષા છે. સાથે જ સમાજ જીવનમાં સફળ થવાનો પ્રથમ પ્રયાસ છે. માટે નિર્ભિક બનીને આ પરીક્ષાઓ આપવી.

- રાત્રિ ઉજાગરા ઓછા કરવા. રાત્રિએ વાચન કે લેખન કરો છો તે શારીરિક, માનસિક સારું તો લાગશે, પરંતુ આખો દિવસ જ વાંચન કે લેખન કર્યા જ કર્યું હશે, તો રાત્રિનો સમય આરામનો જ ગણાય ને.
- છેલ્લા ૧૫ દિવસમાં પ્રત્યેક દિવસે એક વિષયના એક પ્રશ્નપત્રનો મહાવરો કરવો. ત્રણ કલાકમાં એક પ્રશ્નપત્ર લખાઈ જાય તે પ્રમાણે દરેક પ્રશ્ન માટે સમય ફાળવવો. છેલ્લા દિવસોમાં ઓછામાં ઓછા ત્રણ પ્રશ્નપત્ર લખાઈ જાય તે રીતે સમયપાલન કરવું.
- આહારવિહાર સાત્વિક રાખવો. સુપાચ્ય હલકો ખોરાક લેવાથી પેટ હળવું રહેશે. તન-મન-મગજ કાર્યાન્વિત રહેશે.

जिन्दगी बदलने के लिये लडना पडता है।
और आसान करने के लिये समजना पडता है।
वक्त आपका है, चाहो तो 'सोना' बना लो।
और चाहो तो सोने में गुजार दो।
अगर कुछ अलग करना है तो,
भीड से हटकर चलो, भीड साहस तो देती है।
पर पहचान छिन लेती है।
मंजिल ना मिले तब तक हिम्मत मत हारो।
और ना ही हारो, क्यों कि,
पहाडो से निकलनेवाली नदियाने
आजतक रास्ते में किसी से नहीं पूछा कि,
समन्दर कितना दूर है।

**(અનુસંધાન પૃષ્ઠ ૩૪ થી ચાલુ)**

જ નથી. દક્ષિણનાં રાજ્યોની અનિચ્છાને કારણે હિન્દી સર્વમાન્ય બની નથી. જો કે ફિલ્મોની હિન્દુસ્તાની ભાષાએ મહદ્અંશે સંપર્ક-ભાષાની ગરજ સારી છે. દક્ષિણ ભારતની પ્રજા પણ હોંશે હોંશે હિન્દી ચલચિત્રો જુએ છે. અંગ્રેજીનો અતિરેક પાંચ ક્ષેત્રમાં થઈ રહ્યો છે તેને નિવારવા કે મર્યાદિત કરવા માટે આપણે સજાગપણે કાર્યવાહી કરવી જરૂરી છે.

સૌથી પ્રથમ શિક્ષણક્ષેત્રે અંગ્રેજી માધ્યમની શાળાઓની સંખ્યા ખૂબ ઝડપથી વધી છે. અનેક પરિવારો દેખાદેખીમાં ખૂબ ઊંચી ફી ભરીને આર્થિક મુશ્કેલીમાં આવે છે. ગુજરાતમાં તો તાલુકે તાલુકે અંગ્રેજી માધ્યમની શાળાઓ ખૂલી છે. યોગ્ય શિક્ષકોના અભાવે આ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા નબળી રહી છે. સરકાર દ્વારા પંચાયતોની શાળાઓમાં શિક્ષકોની અને વર્ગખંડોની ઘટ છે તે સત્વરે પૂરી કરી ગુણવત્તાવાળા શિક્ષણની વ્યવસ્થા થાય તો અંગ્રેજી માધ્યમની શાળાઓનું આકર્ષણ ઘટે.

બીજું ક્ષેત્ર છે જાહેર વહીવટ : ભાષાવાર રાજ્યોની રચના બાદ અપેક્ષા હતી કે દરેક રાજ્યનો મહત્તમ વહીવટ સ્થાનિક ભાષામાં ચાલશે. આ અંગે એમ કહી શકાય કે શરૂઆતમાં પ્રાદેશિક ભાષાના ઉપયોગ માટે જે નિષ્ઠા હતી તેનો આજે અભાવ જોવા મળે છે. સરકારની નવી ભરતીમાં અંગ્રેજી માધ્યમમાં ભણેલા ઉમેદવારો હવે નીચલા સ્તર સુધી સરકારી નોકરીમાં આવતાં અંગ્રેજીનું ચલણ વધ્યું છે.

ત્રીજું ક્ષેત્ર છે ન્યાયતંત્ર : તાલુકા અને જિલ્લાકક્ષા સુધી પ્રાદેશિક ભાષાઓનો ઉપયોગ થાય છે, પરંતુ હાઈકોર્ટો વારંવાર થતી

**(અનુસંધાન પૃષ્ઠ ૪૧ ઉપર)**

# બાળક અને પ્રેમ

- ગોવિંદ દરજી 'દેવાંશું'

બાળક કોણ છે? બાળક શું છે? તેના વિશે ઘણું ઘણું લખાયું છે. 'બાળક કશું જ નથી. હું કહું તેમ કરે એ જ બાળક' એવી સાવ નિરર્થક વિચારસરણી ઘણા વાલી-વર્ગના વ્યક્તિઓ ધરાવે છે. યાદ રાખો -

આપણા વાણી-વર્તનની અગાધ ઊંડી છાપ માત્ર ને માત્ર બાળક ઝીલે છે. જે તેના જીવનમાં આજીવન રહે છે.

આજે બાળકને કહેલું કોઈ વાક્ય-વિધાન તેના માનસ પર અમીટ મીટ માંડે છે. તે કદીય ભૂલતું નથી. તેના મોટપણે તે કહે છે કે ''ફલાણાએ મને આવું કહેલું, ઢીંકણાએ મારી સાથે આવું કરેલું.''

અર્થ એવો થયો - બાળક સાથે કરેલું વર્તન વર્ષો પછી પણ પ્રતિબિંબિત થયા કરશે. આપણી તેની સાથેની વર્તણૂંક આપણા સાથે વર્ષો પછી ફલિત થશે. પુષ્પસમ સદ્ભાવ કે પછી કંટક સમો કુભાવ ઊગી નીકળશે. જે ભૂતકાળમાં જેવો દાખવ્યો હશે.

એટલે જ -

બાળક જ્યારે બાળક હોય તે દરમિયાન પ્રેમનું સામ્રાજ્ય તેના જીવનમાં સ્થપાય તેવી તકેદારી રાખવી અતિ અનિવાર્ય છે.

સતત હકારાત્મક વલણની જાગૃતિ અત્યંત આવશ્યક છે. સકારાત્મક વાતો-વર્તન ઉજાગર કરવામાં આવે તો બાળકનું જીવન નવપલ્લવિત બને.

કારણ, આપણે મોટેરાંઓ શું કરીએ છીએ તેની નોંધ બાળકના કુમળા માનસમાં તત્કાળ અંકિત થઈ જાય છે. તે ભૂંસાતી નથી. ધુત્કારવૃત્તિથી આપણે જાતને બચાવીએ તો જ એ બાળકો આપણી વૃદ્ધાવસ્થામાં સહજ રીતે સ્વીકારીને સાચી ટેકણ લાકડી બનશે. બાળક એટલે જ પ્રેમમૂર્તિ એવું દઢપણે માનીએ. માનીએ જ નહીં પણ દઢપણે આચરણ કરીએ. તો જ સાવ સૂક્કા ભંઠ જીવતરમાં ફૂલોના બાગ ખીલશે જેની મહેંક જીવતરને ભરી દેશે. ન માત્ર વ્યક્તિત્વ જીવન પૂરતી પણ સમાજ અને છેવટે તો દેશને જ ઉપકારક બનશે એ ચોક્કસ.

અને છેલ્લે...

બાળક સાથે ચાલ પ્રેમે ચાલએ,

હસતાં-રમતાં બાળ અંગે મ્હાલીએ.

❀ ❀ ❀

**પ્રજાનું શ્રેષ્ઠ અને કનિષ્ઠ**

કોઈપણ ભયંકર આપત્તિ પૂરી પ્રજાની કસોટી હોય છે અગ્નિપરીક્ષા હોય છે અને એ દારૂણ મંથનમાંથી પ્રજાનું શ્રેષ્ઠ અને કનિષ્ઠ બન્ને બહાર આવી જાય છે. ધરતીકંપે માનવી અને દાનવી બન્ને તત્ત્વોને સપાટી પર લાવ્યા છે. સમુદ્રમંથનની જેમ અમૃત અને વિષ બન્ને નીકળે છે.

**- ચંદ્રકાન્ત બક્ષી**

❀ ❀ ❀

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**હવે વિદ્યાર્થીઓની હાજરીના આધારે શાળાઓની ૨૫ થી ૮૦% ટકા ગ્રાન્ટ કપાશે :**

સરકારે રાજ્યની ૯ થી ૧૨ ગ્રાન્ટેડ શાળાઓ માટે ૨૦૨૩માં ગ્રાન્ટ કાપ નીતિ રદ કર્યા બાદ હવે શાળાઓની ફરીથી ગ્રાન્ટ કપાશે. હવે વિદ્યાર્થીઓની સરાસરી હાજરીના આધારે ગ્રાન્ટેડ શાળાઓની ગ્રાન્ટ કાપની માર્ગદર્શિકા નક્કી કરી છે. જેમાં શહેરી વિસ્તારમાં ૮૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા વિદ્યાર્થીઓની સરાસરી હાજરી હશે તો જ શાળાને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળશે. જ્યારે શહેરી વિસ્તારમાં ૮૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ ટકા કરતાં ઓછી સરાસરી હાજરીના કિસ્સામાં વિવિધ સ્લેબ અનુસાર ગ્રાન્ટ કાપ કરાશે. શહેરી વિસ્તારમાં ૬૦ ટકા કરતા ઓછી અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ ટકા કરતા ઓછી સરાસરી હાજરી હશે તો શાળાની ૧૦૦ ટકા ગ્રાન્ટ કપાશે.

શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં કેટલા ટકા ગ્રાન્ટ કપાશે

| ગ્રાન્ટ કાપ | શહેર (સરાસરી હાજરી) | ગ્રામ્ય (સરાસરી હાજરી) |
|---|---|---|
| ૦૦ ટકા | ૮૦ ટકાથી વધુ | ૫૫ ટકાથી વધુ |
| ૨૫ ટકા | ૭૫ થી ૭૯ ટકા | ૫૦ ટકાથી ૫૪ ટકા |
| ૫૦ ટકા | ૭૦ થી ૭૪ ટકા | ૪૫ ટકાથી ૪૯ ટકા |
| ૭૫ ટકા | ૬૫ થી ૬૯ ટકા | ૪૦ ટકાથી ૪૪ ટકા |
| ૮૦ ટકા | ૬૦ થી ૬૪ ટકા | - |
| ૧૦૦ ટકા | ૬૦ ટકાથી નીચે | ૪૦ ટકાથી નીચે |

**નવી ખાનગી શાળાને મંજૂરી પહેલા DEO અને DPEO - એ સ્થળ તપાસ કરવી પડશે.**

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં નવી ખાનગી પ્રાથમિક શાળાઓને મંજૂરી માટેની પ્રક્રિયા આ વર્ષે વહેલી શરૂ કરાઈ છે. તમામ જિલ્લામાં ડીઈઓ-ડીપીઈઓ દ્વારા સંસ્થાઓ મંડળ પાસેથી અરજીઓ મંગાવવા અને મંજૂરી આપવાના નિયમો જાહેર કરી દેવાયા

છે. જે મુજબ ડીઈઓ કે ડીપીઈઓએ મંજૂરી પહેલાં ફરજિયાત રૂબરૂ સ્થળ તપાસ કરવી પડશે. આ સાથે શાળા-મંડળનું પોતાનું મેદાન અથવા ૨૫ વર્ષની લીઝ પર હોવું ફરજિયાત છે. સાથે સાથે ફાયર એનઓસી પણ રજૂ કરવી જરૂરી છે.

**પ્રાથમિક માધ્યમિક સ્કોલરશીપ પરીક્ષામાં ૯૭૪૬૬ વિદ્યાર્થીઓ પાસ થયા :**

પ્રાથમિક અને માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ માટેની પરીક્ષા તા. ૨૯-૧૧-૨૦૨૬ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવી હતી. જેના પરિણામમાં બે લાખથી વધુ વિદ્યાર્થીઓમાંથી ૯૭૪૬૬ વિદ્યાર્થીઓ ૩૫ ટકા પાસિંગ માર્ક્સ્ પ્રમાણે ક્વોલિફાય થયા છે. પ્રાયમરીના ક્વોટા મુજબ એક હજાર વિદ્યાર્થીને જ્યારે માધ્યમિકમાંથી ૨૯૦૦ વિદ્યાર્થીને મેરિટ મુજબ પસંદ કરી સ્કોલરશિપ અપાશે.

**CATમાં ગુજરાતના બે વિદ્યાર્થી ૧૦૦ પર્સેન્ટાઈલ સાથે દેશના ટોપ ૧૨માં :**

દેશમાં આવેલી વિવિધ આઈઆઈએમમાં અને ટોપ બિઝનેસ સ્કૂલોમાં પ્રવેશ માટેની કોમન એડમિશન ટેસ્ટનું પરિણામ જાહેર થયું. જેમાં પ્રથમવાર ગુજરાતના બે વિદ્યાર્થીએ પૂરા ૧૦૦ પર્સેન્ટાઈલ સાથે દેશના ટોપ ૧૨ વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે ગુજરાતના એક વિદ્યાર્થીને ૯૯.૯૯ અને બે વિદ્યાર્થીને ૯૯.૯૮ પર્સેન્ટાઈલ છે. આ વર્ષે કેટનું પેપર અઘરું હતું. છતાં પણ ગુજરાતના વિદ્યાર્થીઓએ સારો દેખાવ કર્યો છે.

**યુજી ઓનર્સ કોર્સ માટે કોમન નિયમો અને પીજીનો એક વર્ષનો કોર્સ તૈયાર થશે :**

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણમાં નવી શિક્ષણ નીતિને ૨૦૨૩થી અમલ થયો છે. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી પીજીમાં હવે નવી શિક્ષણ નીતિ મુજબ કોમન કરિક્યુલમ ક્રેડિટ ફ્રેમવર્ક લાગુ કરવામાં આવનાર છે. આ અંગે કુલપતિઓની કમિટી રચવામાં આવી છે. જેના દ્વારા ચોથા વર્ષના ઓનર્સ પ્રોગ્રામ માટે કોમન નિયમો નક્કી કરાશે અને પીજીનો એક વર્ષનો કોર્સ તૈયાર કરવામાં આવશે.

**હવે કૉલેજ-યુનિવર્સિટીમાં પ્રત્યેક ૧૦૦ વિદ્યાર્થીએ એક કાઉન્સેલર રાખવો પડશે :**

ગુજરાતમાં શાળા-કૉલેજ અને યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. કોઈ ભણવાના ભયમાં તો કોઈ વિદ્યાર્થીઓ અંગત કારણોસર અંતિમ પગલું ભરી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકાર ગંભીર બની છે. અને રાજ્યની તમામ યુનિવર્સિટીઓ, શાળા, કૉલેજો અને ખાનગી કોચિંગ સંસ્થાઓ માટે કડક ગાઇડ-લાઇન જાહેર કરી છે. નવી ગાઇડ-લાઇન પ્રમાણે કૉલેજ અને યુનિવર્સિટીમાં પ્રતિ ૧૦૦ વિદ્યાર્થીઓ ઓછામાં ઓછો એક લાયક કાઉન્સેલર રાખવો પડશે. કોચિંગ સંસ્થાઓએ માનસિક તણાવ વધારતી પ્રથા બંધ કરવી પડશે. એટલું જ નહિ હવે કોઈપણ વિદ્યાર્થીને શૈક્ષણિક પરફોર્મન્સના આધારે અલગ પાડી નહિ શકાય.

નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના સત્તાવાર આંકડા પ્રમાણે ગુજરાતમાં ૨૦૧૭ થી ૨૦૨૧ દરમિયાન કુલ ૩૦૦૨ વિદ્યાર્થીઓએ જીવન ટૂંકાવ્યું હતું. જ્યારે ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે એપ્રિલ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૩ સુધીના ત્રણ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી.

**ટૂંકાવીને...**

- ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ગ-૩ના કર્મચારી હવે કાયમી નહીં, હંગામી જ ભરાશે.
- ગુજરાતની ૫૧ સરકારી કૉલેજોના આચાર્યોની જગ્યા અંતે કાયમી કરાઈ.
- જીટીયુમાં વિદ્યાર્થી સતત ઘટ્યા. દસ વર્ષ બાદ સૌથી ઓછા ૩૬૯૦૦ને પદવી.
- આઈઆઈટીમાં વિદ્યાર્થીને બ્રાંચ બદલવાની છૂટ પણ સરકારી ઈજનેરી કૉલેજમાં નહીં.
- સેન્ટર ઑફ એક્સેલન્સ ધરાવતી ત્રણ ખાનગી યુનિવર્સિટીમાં MBAની ૨૫ ટકા બેઠકોમાં કેન્દ્રિય ધોરણે પ્રવેશ થશે.
- તારીખ ૨૫ થી ૨૯ ડિસેમ્બર - ૨૦૨૫ના રોજ સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય ભુજીયો ડુંગર, ભૂજ મુકામે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કચ્છ સાહિત્ય ઉત્સવ ઉજવાયો હતો.
- તા. ૧૮-૧૨-૨૦૨૫ને ગુરુવારના રોજ લક્ષ્મણ જ્ઞાનપીઠ માધ્યમિક શાળા, સંસ્કારધામ, અમદાવાદ પાસે ગણિત સપ્તાહની ઉજવણી અંતર્ગત કુમાર સામયિકના તંત્રી ડૉ. પ્રફુલ્લભાઈ રાવલ પધાર્યા હતા. આ સંસ્થા પરિસરમાં ગણિત સપ્તાહની ઉજવણી યોજાઈ હતી.
- સ્વરાજ આશ્રમ બારડોલી ખાતે ૧૪મી સરદાર સંગોષ્ઠિ યોજાઈ.
- ડૉ. રાજવી ઓઝાનું વારાણસી ખાતે ''યુવા પ્રતિભા સન્માન'' થી વિશિષ્ટ સન્માન થયું.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૩૭ થી ચાલુ)**

માગણીઓ અવગણીને પોતાનો સંપૂર્ણ વહીવટ અંગ્રેજીમાં કરવાનો દુરાગ્રહ રાખે છે. આના કારણે અરજદારો - પ્રતિવાદીઓ માત્ર ને માત્ર વકીલોના ભરોસે ન્યાય મેળવવાની અપેક્ષા રાખે છે. તેમને ન્યાયની કાર્યવાહીનો કોઈ અંશ સમજાતો નથી. ન્યાયમાં વિલંબ સાથે પક્ષકારોની ઉપેક્ષા પણ થાય છે જે યોગ્ય નથી.

ચોથું ક્ષેત્ર રોજબરોજની વાતચીત : વિજ્ઞાન અને ટેક્નોલૉજીના પ્રભાવના કારણે જે નવા નવા આવિષ્કારો થાય છે તેની ઓળખ અંગ્રેજી નામથી હોય છે. કમ્પ્યૂટરે તો વિન્ડોઝ, માઉસ, પાયથોન જેવા અનેક અંગ્રેજી શબ્દોના અર્થ બદલી નાખ્યા છે ત્યારે દૈનિક વાતચીતમાં અંગ્રેજી શબ્દોનો વપરાશ ઘણો વધ્યો છે. આ મુદ્દે મતમતાંતર છે. એક વર્ગનું કહેવું છે કે આપણે અંગ્રેજી શબ્દો યથાતથા સ્વીકારી લેવા. જ્યારે બીજા વર્ગનો આગ્રહ છે કે અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાયો વિકસાવવા. સામાન્ય લોકોએ રોજિંદી વાતચીતમાં અંગ્રેજી શબ્દો સ્વીકારી લીધા છે.

પાંચમું ક્ષેત્ર છે અખબારો અને ટેલિવિઝન : આજકાલ સમાચારોમાં ગુજરાતી-અંગ્રેજી ભાષાનો મિશ્ર ઉપયોગ વધતો જાય છે. વર્તમાનપત્રોમાં અનેક શીર્ષકોમાં બિનજરૂરી રીતે અંગ્રેજી શબ્દોનો વપરાશ થાય છે. ટેલિવિઝનમાં અંગ્રેજી શબ્દોનો ઉપયોગ વધી રહ્યો છે. જ્યાં સુધી યોગ્ય ગુજરાતી શબ્દ ઉપલબ્ધ હોય ત્યાં અંગ્રેજી શબ્દો વાપરવા તેમાં વિવેકબુદ્ધિનો અભાવ જણાય છે. અંગ્રેજીના અતિરેકને નિવારવા માટે આપણે દરેક ક્ષેત્રમાં સમજણપૂર્વક કામગીરી કરવી જોઈએ. અંગ્રેજી વિશ્વની પ્રમુખ સંપર્ક ભાષા છે. તેનો અર્થ એવો તો ન જ થઈ શકે કે તે અન્ય ભાષાઓના અસ્તિત્વ સામે ખતરો પેદા કરે. દરેક ભાષાનું આગવું મહત્ત્વ છે ત્યારે અંગ્રેજીના ઉપયોગનો અતિરેક ન થાય તેની કાળજી સજાગપણે કરીએ તે આપણા સૌની સહિયારી જવાબદારી છે.

# સંસ્થા સમાચાર

**- ઈરા નાયક ઘોષ**

સરસ્વતી પરિવારના સ્વજનો,

નમસ્કાર !

આ વર્ષે અમેરિકાથી ત્રણ-ચાર મહિના માટે ભારત આવી છું. પૂ. બા અને બાપુની સંસ્થામાં કામ કરવાની ઈચ્છા પણ છે. મારા રોકાણ દરમિયાન શાળામાં આવવું ગમે છે અને મજા પડે છે. ડિસેમ્બર મહિનામાં શાળાઓના રમતોત્સવ જોયા અને માણ્યા. મને જણાવતા આનંદ થાય છે કે મુ.શ્રી રઘુભાઈ અને મુ.શ્રી જશીબેન દ્વારા ચીંધાયેલી કેડી અને પરંપરાઓ આજે પણ સંસ્થામાં જીવિત છે. રમતોત્સવમાં દરેક શાળાઓમાંથી ૧૫૦/૨૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને તેમના શારીરિક કૌશલ્યનું સુંદર પ્રદર્શન કર્યું. ખાસ કરીને રમતોત્સવના ઉદ્‌ઘાટન સમારોહનો કાર્યક્રમ ખૂબ જ પ્રભાવશાળી અને ગૌરવપૂર્ણ રહ્યો. આંતરરાષ્ટ્રીય રમતોત્સવની પ્રણાલિકા પ્રમાણે ખેલાડીઓની રમતના ધ્વજ સાથેની માર્ચ પાસ્ટ, મહોત્સવના પ્રતિકરૂપ રમતની મશાલ પ્રાગટ્ય વિધિ, ખેલાડીઓની મશાલકૂચ તેમજ દાર્શનિક રમતોની ઝાંખી નિહાળતી વખતે બાળકોમાં રહેલો ઉત્સાહ અને મુખ પરનો આત્મવિશ્વાસ અવિસ્મરણીય રહ્યા. સમગ્ર વ્યવસ્થા અને સંચાલન ખૂબ જ સુંદર અને પ્રશંસનીય રહ્યા. સમગ્ર દૃશ્ય જોઈને એમ લાગ્યું કે પૂ. બા અને બાપુ ખૂબ ખુશ થઈ સંસ્થાને ઉપરથી આશીર્વાદ આપી રહ્યા હશે.

સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ ઉત્સવોનું શિક્ષણમાં ખૂબ મહત્ત્વ છે. બાળકોમાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવે છે અને સાચા અર્થમાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. આ વિચારને અમલમાં મૂકવા માટે સરસ્વતી વિદ્યામંડળના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સમગ્ર સરસ્વતી પરિવારને હું હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

❀ ❀ ❀

બિનજવાબદાર માણસ વાતની શરૂઆત ટીકાથી કરે, અર્ધજવાબદાર માણસ પહેલેથી શંકા રજૂ કરે, જ્યારે જવાબદારી સમજનાર માણસ સીધું કાર્ય જ આરંભે.

શરીર જળથી પવિત્ર થાય, જાત સત્યથી, આત્મા ધર્મથી અને બુદ્ધિ જ્ઞાનથી પવિત્ર થાય છે.

**- (સંકલન.. અશોક સોમપુરા)**

❀ ❀ ❀









શારદા ફાઉન્ડેશન દ્વારા આયોજિત સરસ્વતી પૂજન કાર્યક્રમમાં સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ શૈક્ષણિક પ્રદર્શનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.









**ઘરશાળા**
માર્ચ-૨૦૨૬

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

## શિખર ઊંચાં ને મારગ આકરા

શિખર ઊંચાં ને મારગ આકરા
નહિ કોઈ સાથ કે સંગાથ,
નહિ ત્યાં કેડી કે નહિ વાટ,
ચઢવા ચઢાણો તસુ તસુ એકલાં,
શિખરું ઊંચા ને મારગ આકરા.
લિયે એ મારગ નર કોઈ બંકડા,
છોડી આળ ને પંપાળ;
રાખી રામૈયો રખવાળ,
કાચી રે છાતીમાં બેસે તાકતાં,
શિખરું ઊંચાં ને મારગ આકરા.
ચડે એ ઊંચે, જે માંહે ડૂબતા,
જેને આતમનો સંગાથ,
એનો ઝાલે હરિવર હાથ,
પંડને ખૂએ તે પ્રિતમ પામતા,
શિખરું ઊંચાં ને મારગ આકરા.

- મનસુખલાલ ઝવેરી

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું